નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765




પાલિકા-પંચાયતનું ૫૬.૬ ટકા મતદાનઃ ૨૦૧૮ કરતા વોટિંગમાં ૮.૪ ટકાનો ઘટાડો

જુઓ પેજ નં.૩

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :17 FEBRUARY 2025 | MONDAY | Page :8 | Year : 2 | Issue :269 | Price: 2/-

# અમેરિકાએ ૩૩ ગુજરાતીઓ સહિત વધુ ૧૧૨ ભારતીયોને ડિપોર્ટ કર્યા, અમૃતસર પહોંચી ત્રીજી ફ્લાઈટ



અમેરિકાથી દેશનિકાલ કરાયેલા ગેરકાયદે ભારતીય ઈમિગ્રન્ટ્સની ત્રીજી ફ્લાઇટ અમૃતસર આવી પહોંચી છે. રવિવારે (૧૬ ફેબ્રુઆરી) ૧૧૨ ભારતીયોને લઈને આવેલું અમેરિકન એરફોર્સનું વિમાન છ્ઈઈ૮૬૯ મોડી રાત્રે અમૃતસર એરપોર્ટ પર લેન્ડ થયું. આમાંથી હરિયાણાના સૌથી વધુ ૪૪, ગુજરાતના ૩૩ અને પંજાબના ૩૧ લોકો સામેલ છે. અન્ય ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના છે. આ ભારતીયોનો ત્રીજો જૂથ છે જે ગેરકાયદે રીતે અમેરિકામાં પ્રવેશ્યું હતું અને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા તેમને દેશનિકાલ કરાયા છે.

નોંધનીય છે કે, ગઈ કાલે (૧૫ ફેબ્રુઆરી) પણ ૧૧૬ ભારતીયોને લઈને અમેરિકન એરફોર્સનું વિમાન મોડી રાત્રે અમૃતસર એરપોર્ટ પર લેન્ડ થયું હતું. જેમાં ૬૦ થી વધુ પંજાબના અને ૩૦ થી વધુ હરિયાણાના હતા. અન્ય ગુજરાત, ઉત્તર પ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરના હતા. આમાં મોટા ભાગના લોકો ૧૮ વર્ષથી લઈને ૩૦ વર્ષની ઉંમર હતા. આ અગાઉ ૫ ફેબ્રુઆરીના રોજ પણ ૧૦૪ ગેરકાયદે ભારતીય ઈમિગ્રન્ટ્સને લઈને એક અમેરિકન વિમાન પણ અમૃતસરમાં ઉતર્યું હતું. તેમાંથી, હરિયાણા અને ગુજરાતના ૩૩-૩૩ અને પંજાબના ૩૦ હતા. મોટાભાગના દેશનિકાલ કરાયેલા લોકોએ કહ્યું હતું કે, તેઓ તેમના પરિવારોને વધુ સારું જીવન પૂરું પાડવા માટે અમેરિકામાં સ્થાયી થવા માંગતા હતા.

## ભારતીયોનું દેશનિકાલ કેમ કરી રહ્યું છે અમેરિકા?

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ તરીકે સત્તા સંભાળતા જ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાયદે ઈમિગ્રન્ટ્સ સામે આકરું વલણ અપનાવ્યું છે. ટ્રમ્પ વહીવટીતંત્રે જે નીતિઓ હેઠળ ગેરકાયદે લોકોને દેશમાંથી હાંકી કાઢવાનો નિર્ણય લીધો છે તે નીતિઓ હેઠળ ભારતીય ગેરકાયદે ઈમિગ્રન્ટ્સને અમેરિકામાંથી હાંકી કાઢવામાં આવી રહ્યા છે. આમાં એવા લોકોનો સમાવેશ થાય છે જેઓ ગેરકાયદે રીતે અમેરિકામાં પ્રવેશ કરે છે અથવા તેમના વિઝાની અવધિ કરતાં વધુ સમય ત્યાં રહે છે. ડ્ખ મોદીએ ટ્રમ્પ સાથે કરી હતી ચર્ચા ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ તાજેતરમાં અમેરિકાની મુલાકાતે ગયા હતા, જ્યાં તેમણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળીને ઈમિગ્રેશન સહિતના મુખ્ય મુદ્દાઓ પર દ્વિપક્ષીય ચર્ચા કરી હતી. સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન, પીએમ મોદીએ અમેરિકામાં ગેરકાયદે રહેતા ભારતીયોને સ્વીકારવાની ભારતની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી. આ સાથે જ તેમણે ગેરકાયદે સ્થળાંતર કરનારા લોકોનું શોષણ કરતા માનવ તસ્કરી નેટવર્કનો સામનો કરવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.



# દિલ્હી સ્ટેશન પર નાસભાગ, મહાકુંભ જતા ૧૮ લોકોના મોત

નવી દિલ્હી રેલવે સ્ટેશન પર શનિવારે રાત્રે લગભગ ૯:૨૬ વાગ્યે થયેલી ભાગદોડમાં ૧૮ લોકોના મોત થયા હતા. આમાં ૧૪ મહિલાઓ અને ૩ બાળકો છે. ૨૫થી વધુ લોકો ઘાયલ થયા છે.મૃતકોને દિલ્હીની આરએમએલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. સ્ટાફ સૂત્રોના જણાવ્યા અનુસાર, મોટાભાગના મૃતદેહોની છાતી અને પેટ પર ઈજાના નિશાન હતા. તેમનું ગુંગળામણથી મૃત્યુ થયું. આ દુર્ઘટના પ્લેટફોર્મ નંબર ૧૩, ૧૪ અને ૧૫ વચ્ચે થયો હતો. મહાકુંભમાં જવા માટે સાંજે ૪ વાગ્યાથી સ્ટેશન પર ભીડ એકઠી થવા લાગી.રાત્રે લગભગ ૮.૩૦ વાગ્યે પ્રયાગરાજ જતી ૩ ટ્રેનો મોડી પડી, જેના કારણે ભીડ વધી ગઈ. પ્રત્યક્ષદર્શીના જણાવ્યા મુજબ ટ્રેનનું પ્લેટફોર્મ ૧૪થી ૧૬ નબર પર બદલાઈ ગયું. આના કારણે નાસભાગ મચી ગઈ.દુર્ઘટનાની તપાસ માટે બે સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે. તેમાં ઉત્તર રેલવેના બે અધિકારીઓ, નરસિંહ દેવ અને પંકજ ગંગવારનો સમાવેશ કરવામાં આવ્યો છે. કમિટીએ નવી દિલ્હી રેલવે સ્ટેશનના તમામ સીસીટીવી વીડિયો ફૂટેજ સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે.આ પહેલા ૨૯ જાન્યુઆરીએ પ્રયાગરાજના મહાકુંભમાં ૩૦ લોકોના મોત થયા હતા. તે જ સમયે, ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૩ના રોજ કુંભ દરમિયાન પ્રયાગરાજ સ્ટેશન પર ભાગદોડ મચી ગઈ હતી. આ દુર્ઘટનામાં ૩૬ લોકોના મોત થયા હતા..પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેન, ભુવનેશ્વર રાજધાની અને સ્વતંત્ર સેનાની એક્સપ્રેસ. ત્રણેય પ્રયાગરાજ જવાની હતી. બે ટ્રેનો ભુવનેશ્વર રાજધાની અને સ્વતંત્ર સેનાની મોડી હતી. પ્લેટફોર્મ-૧૪ પર આ ત્રણેય ટ્રેનોની ભીડ હતી. જ્યારે પ્રયાગરાજ સ્પેશિયલ ટ્રેન અહીં પહોંચી ત્યારે જાહેરાત કરવામાં આવી કે ભુવનેશ્વર રાજધાની પ્લેટફોર્મ નં.૧૬ પર આવી રહી છે. આ સાંભળીને જ ૧૪ પર હાજર ભીડ પ્લેટફોર્મ નં. ૧૬ તરફ દોડી.ટિકિટ કાઉન્ટર પર ઘણા લોકો હતા. આમાંથી ૯૦% પ્રયાગરાજ જઈ રહ્યા હતા. અચાનક ટ્રેન આવવાની જાહેરાત થઈ અને લોકો ટિકિટ વગર પ્લેટફોર્મ તરફ દોડી ગયા. આના કારણે નાસભાગ મચી ગઈ.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ગાજ્યા મેઘ વરસ્યા નહીં



ભારત અને અમેરિકાના વ્યાપારમાં અત્યારે ભારતનો હાથ ઉપર છે. મતલબ કે, ભારત અમેરિકાથી જે માલ આયાત કરે છે તેની સરખામણીમાં ભારતની અમેરિકામાં નિકાસ વધારે છે. ભારત અમેરિકામાંથી કમાણી કરી જાય એ ટ્રમ્પને પરવડતું નથી તેથી ટ્રમ્પે તેનો પણ ઉપાય શોધી કાઢયો. ટ્રમ્પે મોદીને એનર્જી અંગેનો કરાર કરવાની ફરજ પાડી છે. આ કરાર પ્રમાણે, ભારત અમેરિકા પાસેથી વધારે પ્રમાણમાં ગેસ અને ક્રૂડ ઓઈલ ખરીદશે કે જેથી વ્યાપાર ખાધ ઘટે. અમેરિકા પાસેથી વધારે ક્રૂડ-ગેસ ખરીદવામાં આપણે લાંબા થઈ જવાના છીએ.

આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા પર સૌની નજર હતી. ડોનાલ્ડ ટ્રમ્પ બીજી વાર અમેરિકાના પ્રમુખ બન્યા પછી મોદી સાથે તેમની આ પહેલી મુલાકાતમાં ટેરિફથી માંડીને અમેરિકામાં ગેરકાયદેસર રીતે રહેતા ભારતીયો સુધીના મુદ્દે ચર્ચા થશે, ભારત તથા અમેરિકા બંને ફાયદામાં રહે એવું કશુંક નિપજશે એવી વાતો થતી હતી પણ ગાજ્યા મેઘ વરસ્યા નહીં. બલ્કે મોદી માટે તો હીરો ઘોઘે જ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યો જેવો ઘાટ થઈ ગયો.મોદી અમેરિકામાં ૩૬ કલાક રહ્યા, અમેરિકાની સરકારના ૬ મહત્વના લોકો સાથે બેઠકો કરી પણ એક પણ બેઠકમાં કશું એવું નક્કર નિપજ્યું નથી કે જેના કારણે ભારતને ફાયદો થાય. આ બેઠકોમાં સૌથી મહત્વની બેઠક મોદી અને ટ્રમ્પ વચ્ચે હતી. બેઠકના અંતે થયેલી જાહેરાતો પરથી સ્પષ્ટ છે કે, અમેરિકાનાં આર્થિક હિતો સચવાયાં છે અને ભારતને ભાગે નિરાશા જ આવી છે. અમેરિકાને રાજી કરવા માટે કેન્દ્રીય બજેટમાં અમેરિકાના માલ સામાન પર લદાતો મહત્તમ ટેરિફ ૧૫૦ ટકાથી ઘટાડીને ૭૦ ટકા પહેલાં જ કરી દેવાયેલો. આ જાહેરાત દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પને સંકેત અપાયેલો કે, અમેરિકાને ભારત સાથે વ્યાપાર કરવામાં રસ છે અને તેના માટે ભારત નમતું જોખવા પણ તૈયાર છે. અમેરિકાએ એ વાતની નોંધ સુદ્ધાં ના લીધી. ટ્રમ્પે એકતરફી રીતે ભારત અમેરિકાના માલસામાન પર લાદે છે એટલો ટેરિફ ભારતના માલ પર લાદવાનું એલાન કરી દીધું. ભારત અને અમેરિકાના વ્યાપારમાં અત્યારે ભારતનો હાથ ઉપર છે. મતલબ કે, ભારત અમેરિકાથી જે માલ આયાત કરે છે તેની સરખામણીમાં ભારતની અમેરિકામાં નિકાસ વધારે છે. ભારત અમેરિકામાંથી કમાણી કરી જાય એ ટ્રમ્પને પરવડતું નથી તેથી ટ્રમ્પે તેનો પણ ઉપાય શોધી કાઢયો. ટ્રમ્પે મોદીને એનર્જી અંગેનો કરાર કરવાની ફરજ પાડી છે. આ કરાર પ્રમાણે, ભારત અમેરિકા પાસેથી વધારે પ્રમાણમાં ગેસ અને ક્રૂડ ઓઈલ ખરીદશે કે જેથી વ્યાપાર ખાધ ઘટે. અમેરિકા પાસેથી વધારે ક્રૂડ-ગેસ ખરીદવામાં આપણે લાંબા થઈ જવાના છીએ. ભારત યુક્રેન યુદ્ધ પછી રશિયા પાસેથી વધારે પ્રમાણમાં ક્રૂડ ખરીદતું હતું. આ ક્રૂડ ભારતને આંતરરાષ્ટ્રીય બજાર કરતાં સસ્તા ભાવે પડતું હતું અને શરૂઆતમાં રશિયા ભારત પાસેથી રૂપિયામાં પેમેન્ટ લેતું હતું તેથી મોંઘું વિદેશી હૂંડિયામણ પણ બચતું હતું. ટ્રમ્પે ગયા મહિને લાદેલા નવા પ્રતિબંધોના કારણે રશિયાથી ક્રૂડ મંગાવવાના ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધ્યો છે છતાં રશિયાનું ક્રૂડ ભારતને સસ્તું પડે છે.

ભારતે અમેરિકા પાસેથી ક્રૂડ ખરીદવું પડે તો એ ભારતને ભાવ અને ટ્રાન્સપોર્ટેશનની રીતે તો મોંઘું પડશે જ પણ ડોલરમાં ચૂકવણી કરવી પડશે તેથી વધારે મોંઘું પડશે. ડોલર સામે રૂપિયો સતત તૂટી રહ્યો છે એ જોતાં ક્રૂડના ભાવ સ્થિર રહે તો પણ તૂટતા રૂપિયાના કારણે ભારતનું ક્રૂડ ઈમ્પોર્ટ બિલ વધ્યા કરશે અને વિદેશી હૂંડિયામણ વપરાયા કરશે એ લટકામાં. ભારતે અમેરિકા પાસેથી વધારે પ્રમાણમાં ડીફેન્સ ઈક્વિપમેન્ટ ખરીદવાં પડશે એવી પણ ટ્રમ્પે ફરજ પાડી છે. મોદી સાથેની પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે જાહેરાત કરી નાંખી કે, ભારત અમેરિકા પાસેથી એફ-૩૫ ફાઈટર જેટ ખરીદશે.

# અમેરિકાએ ભારતને આપ્યો મોટો ઝટકો, ૨૧ મિલિયન ડોલરનું ફન્ડિંગ બંધ કરવાની જાહેરાત

અમેરિકાએ ભારત સહિત અનેક દેશોને મોટો ઝટકો આપ્યો છે. ઈલોન મસ્કના નેતૃત્વ હેઠળના ઉઘ્ઞ્ડી વિભાગે ભારતમાં વોટર ટર્નઆઉટ માટે ફાળવવામાં આવતી ૨૧ મિલિયન અમેરિકન ડોલરની ફન્ડિંગને રદ કરવાની જાહેરાત કરી ચોંકાવી દીધા છે. ઉઘ્ઞ્ડી તરફથી એક્સ પર ટ્વિટ કરવામાં આવી હતી કે અમેરિકન ટેક્સપેયર્સના પૈસા અત્યાર સુધી આ મામલાઓ પર ખર્ચવામાં આવતા હતા જે હવે બંધ કરવામાં આવી રહ્યા છે. અમેરિકાના ઉઘ્ઞ્ડી વિભાગ દ્વારા રદ કરાયેલી અન્ય ફન્ડિંગમાં ઘણી બાબત સામેલ છે. આ મામલે ભારત તરફથી ભાજપના આઈટી સેલના વડા અમિત માલવીયએ પ્રતિક્રિયા આપી હતી. જેમાં તેમણે વોટર ટર્નઆઉટ માટે ૨૧ મિલિયન ડોલરની ફન્ડિંગ શબ્દ પર વાંધો ઊઠાવતા સવાલ કર્યો અને કહ્યું કે આ નક્કી જ ભારતની ચૂંટણી પ્રક્રિયામાં બાહ્ય હસ્તક્ષેપ દર્શાવે છે. આનાથી કોને લાભ થતો હશે? નક્કી જ સત્તાપક્ષને નહીં! ભારત ઉપરાંત



અમેરિકાએ અન્ય દેશોના વોટર ટર્નઆઉટ ફન્ડિંગમાં પણ કાપ મૂક્યો હતો.

આ સાથે બાંગ્લાદેશને અપાતી ૨૯ મિલિયન ડોલરની ગ્રાન્ટ પણ રદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ઈલોન મસ્કના ઉઘ્ઞ્ડી ડિપાર્ટમેન્ટે વિદેશી સહાયતા હેઠળ અપાતી ફન્ડિંગમાં કુલ ૭૨૩ મિલિયન ડોલરનો કાપ મૂકવાનો નિર્ણય લીધો છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ ભારતના વડાપ્રધાન મોદી અમેરિકાની મુલાકાતે ગયા હતા અને તેના બાદ અમેરિકાથી આ નિર્ણયની જાણકારી અપાઈ છે.

# કેજરીવાલને પડયા પર પાટું : શીશ મહેલ પાછળના બેફામ ખર્ચની તપાસ

નવી દિલ્હીઃ દિલ્હીમાં આમ આદમી પાર્ટીએ સત્તા ગુમાવતા જ હવે પક્ષના વડા અરવિંદ કેજરીવાલની મુશ્કેલી વધવા લાગી છે. સેન્ટ્રલ વિજિલન્સ કમિશને પીડબલ્યુડીને કેજરીવાલ રહેતા હતા તે સરકારી સીએમ આવાસ 'શીશ મહેલ'ના સમારકામ પાછળ ખર્ચાની તપાસનો આદેશ આપ્યો છે. ૬, ફ્લેગસ્ટાફ રોડ બંગલોમાં કેટલો ખર્ચ થયો, જેમાં જાહેર જનતાના નાણા કેટલા વપરાયા અને કઇ કઇ વસ્તુ પાછળ બિનજરૂરી ખર્ચ કરવામાં આવ્યો તેની તપાસ કરાશે. સીવીસીએ જવાબદાર લોકોની સામે યોગ્ય કાર્યવાહી કરવાના પણ આદેશ આપ્યા છે. જેને પગલે ચૂંટણી હારનારા કેજરીવાલ માટે પડયા પર પાંટા સમાન સ્થિતિ ઉભી થઇ ગઇ છે. ભાજપે કેજરીવાલ રહેતા હતા તે સરકારી આવાસને શીશ મહેલ નામ આપ્યું છે. કેજરીવાલ આ ઘરમાં વર્ષ ૨૦૧૫થી ઓક્ટોબર ૨૦૨૪ સુધી રહ્યા હતા. આમ આદમી પાર્ટી તરફથી આ મુદ્દે હજુસુધી કોઇ નિવેદન આપવામાં નથી આવ્યું. સેન્ટ્રલ વિજિલંસ કમિશન (સીવીસી)ને ભાજપના નેતા વિજેન્દ્ર ગુપ્તા દ્વારા બે વખત ફરિયાદ કરવામાં આવી હતી જેની નોંધ લઇને તપાસના આદેશ આપ્યા છે. ફરિયાદમાં ભાજપના નેતા ગુપ્તાએ આરોપ લગાવ્યો હતો કે કેજરીવાલે ૪૦ હજાર વર્ગ ગજ(આઠ એકર)માં ફેલાયેલા આ આલીશાન સરકારી ભવનના નિર્માણ માટે નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. રાજપુર રોડ પર પ્લોટ નંબર ૪૫ અને ૪૭ (અગાઉ ટાઇપ-વી ફ્લેટોમાં સીનિયર અધિકારીઓ અને જજો રહેતા હતા) અને બે બંગલા સહિત સરકારી સંપત્તિઓ (૮એ અને ૮બી, ફ્લેગ સ્ટાફ રોડ)ને તોડીને નવા આવાસ સાથે ભેળવી દીધી હતી. જેનાથી ગ્રાઉંડ કવરેજ અને ફ્લોર એરિયા રેશિયો (એફએઆર) માપદંડનું ઉલ્લંઘન કરે છે. સાથે જ તેના નિર્માણ પહેલા યોગ્ય લેઆઉટ પ્લાન પણ તૈયાર કરવામાં નહોતો આવ્યો.



સીવીસીએ આ મામલે ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં ફરિયાદ દાખલ કરી હતી, નવેમ્બર ૨૦૨૪માં સીવીસીએ ફરિયાદને વધુ તપાસ માટે સીપીડબલ્યુડીને મોકલી આપી હતી. સીવીસીએ આશ્વાસન આપ્યું હતું કે સાચી રિપોર્ટના આધારે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. ભાજપના નેતા વિજેન્દ્ર ગુપ્તાએ ૨૧મી ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ફ્લેગ સ્ટાફ પર સીએમ આવાસના રિનોવેશન અને ઇંટિરિયર ડેકોરેશન પર બિનજરૂરી ખર્ચા મુદ્દે સીવીસીને ફરિયાદ મોકલી હતી.



# પાલિકા-પંચાયતનું ૫૬.૬ ટકા મતદાનઃ ૨૦૧૮ કરતા વોટિંગમાં ૮.૪ ટકાનો ઘટાડો

અમદાવાદઃ જૂનાગઢ મહાનગર પાલિકા, ૬૮ નગરપાલિકાઓ, ૩ તાલુકા પંચાયત સહિત સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની સામાન્ય અને પેટા ચૂંટણી માટે વોટિંગ પૂર્ણ થઈ ગયું છે. ૧૧ કલાકમાં એટલે કે ૬ વાગ્યા સુધીનું સરેરાશ ૫૬.૬૦ ટકા મતદાન થયું છે. ૫ હજારથી વધુ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. હવે ૧૮ ફેબ્રુઆરીએ મતગણતરી કરવામાં આવશે.

૨૦૧૮માં યોજાયેલી ૭૫ નગરપાલિકામાં સરેરાશ ૬૫ ટકા મતદાન થયું હતું. જ્યારે આ વખતે ૫૬.૬ ટકા વોટિંગ થતાં ગત ચૂંટણી કરતા આ વખતે મતદાનમાં ૮.૪ ટકાનો ઘટાડો થયો છે.

આ ચૂંટણી પ્રક્રિયા ૧૯,૮૪,૭૩૦ પુરુષ મતદારો જ્યારે ૧૯,૦૧,૪૧૦ સ્ત્રી મતદારો તથા ૧૫ અન્ય વોટર્સ માટે યોજવામાં આવી રહી છે. આમ કુલ ૩૮,૮૬,૨૮૫ મતદારો છે.

જૂનાગઢ મહાનગર પાલિકાની ૬૦ બેઠકો પૈકી ૮ બેઠકો બિનહરીફ થઈ છે. ૬૬ નગરપાલિકાઓના ૪૬૧ વોર્ડ પૈકી ૨૪ વોર્ડ સંપૂર્ણ બિનહરિફ થયા છે. કુલ ૧૮૮૪ બેઠકો પૈકી ૧૬૭૭ પર ચૂંટણી યોજાઈ છે. બોટાદ અને વાંકાનેર નગરપાલિકાની મધ્ય સત્ર ચૂંટણી યોજાશે, જેમાં ૭૨માંથી ૨૩ બેઠકો બિનહરીફ થઈ છે.આમ કૂલ ૨૧૨ ઉમેદવાર બિન-હરીફ ચૂંટાઈ આવ્યા છે.

અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે વોર્ડ નંબર-૬ ન્યુ એરા હાઈસ્કૂલ બહાર ભાજપ અને કોંગ્રેસના ટોળા વચ્ચે મારામારી થઈ હતી. કોંગ્રેસના કાર્યકર્તાને માથા અને છાતીના ભાગે માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જિલ્લા પોલીસવડા, એલસીબી સહિતનો કાફલો દોડી આવ્યો હતો. જેને પગલે અમદાવાદ જિલા કોંગ્રેસ પ્રમુખ અને કોંગ્રેસ કાર્યકર્તા સાણંદ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા.રાજકોટ જિલ્લાના ધોરાજીમાં ધોરાજી પોલીસે ફરજ સાથે સામાજિક સેવા પણ કરી હતી. પોલીસ જવાન પી.કે. ગોહિલે ચાલી ન શકતા વૃદ્ધાને ગોદમાં ઉઠાવીને મતદાન મથકે પહોંચાડ્યા હતા.

સવારે મહેમદાવાદ નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ નંબર ૫ના મતદાન મથક પર પ્રિસાઈડીગ ઓફિસર વિરેન્દ્ર સુખા બારૈયા નશાની હાલતમાં મળી આવ્યા હતા. તેની સામે દારૂના નશામાં ચકચૂર પ્રિસાઈડીગ ઓફિસર વિરેન્દ્ર સુખા બારૈયા સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ અધિકારી સામે પોલીસે પ્રોહિબીશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.માંગરોળ નગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના પિયુષ પરમાર દ્વારા ચૂંટણી અધિકારીને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે કે, ભાજપના સિમ્બોલ વાળી બે ગાડી ફરી રહી છે. જેને પગલે ચૂંટણી અધિકારી દ્વારા તપાસ માટે ટીમ રવાના કરવામાં આવી હતી. આ મામલે શહેર ભાજપ પ્રમુખ દિનેશ સોમૈયાએ કહ્યું કે, આપ હાર ભાળી ગઈ હોવાથી ખોટી ફરિયાદો કરે છે.

રાજકોટ જિલ્લાની ધોરાજી નગરપાલિકાના આપનાં ઉમેદવારનાં પિતાનું મતદાન કરે તે પહેલાં જ મતદાન મથકે હાર્ટ એટેક આવતાં મોત થયું છે. વોર્ડ નંબર ૮ના આપ ઉમેદવાર અજયભાઈ કંડોલિયાના ૫૭ વર્ષીય પિતા હરસુખભાઈ કંડોલિયા ટેકનિકલ હાઈસ્કૂલના મતદાન મથકે મતદાન કરવા ગયા હતા. પરંતુ મતદાન કરે તે પહેલાં જ તેમનું મોત નિપજ્યું હતું. તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા.સુરત મહાનગર પાલિકાના વોર્ડ નંબર ૧૮(લિંબાયત-પરવટ-કુંભારીયા)ની પેટાચૂંટણીમાં સુડા આવાસ વિસ્તારમાં આચારસંહિતા ભાગની ફરિયાદ કરવામાં આવી છે. મતદાનના દિવસે પણ ભારતીય જનતા પાર્ટીનો ખેસ પહેરીને કાર્યકરો ફરતા જોવા મળ્? હતા. જેનો કોંગ્રેસ-આપ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. તેમજ આ મામલે ભાજપ સામે કોંગ્રેસ-આપના કાર્યકરોની બોલાચાલી થતા માહોલ ગરમાયો હતો.

હાલોલના વોર્ડ નં-૧ના ભરોણા વિસ્તારમાં મતદારોને રીઝવવા માટે હાલોલ શહેર ભાજપ ઉપ પ્રમુખ દારૂ વહેંચી રહ્યા હોવાની રજુઆત પોલીસ અને ચૂંટણી અધિકારીને અપક્ષ ઉમેદવાર મુક્તિબેન જાદવ દ્વારા કરવામાં આવી હતી. ભાજપના શહેર ઉપ પ્રમુખ નિતેશ ઉર્ફે લાલભાઈ કચ્છી પટેલ કાર લઈ પહોંચ્યા હતા, જ્યાં તેમની કાર પાસેથી વિદેશી દારૂ અપક્ષ ઉમેદવારના ટેકેદરોએ ઝડપી પાડ્યો હતો.

રાધનપુરના વોર્ડ નંબર ૭માં વિનય વિદ્યાલયના રૂમ નંબર-૩માં છેલ્લા ૧ કલાક થી ઈવીએમ ખોટકાયું હોવાથી મામલતદાર નવું ઈવીએમ લઈને દોડી આવ્યા હતા.

બીલીમોરા નગરપાલિકાની ચૂંટણીમાં ઈવીએમ મશીનમાં ગબરડ હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો. વોર્ડ નંબર ૨ ના બુથ નંબર પાંચના ઈવીએમમાં કોંગ્રેસનું બટન જ ન દબાવાતું હોવાનો ઉમેદવાર રામબાબુ શુક્લાનું બટન ન દબાતા હોબાળો થયો હતો. જેથી પોલીસ પણ વચ્ચે પડી હતી અને અંતે મતદાન અટકાવવાની ફરજ પડી હતી.સલાયા નગરપાલિકાની ચૂંટણીમાં જીન વિસ્તારમાં આંગણવાડી કેન્દ્ર ૧ પર ઈવીએમ ખોટકાયું હતું. ભાજપનું જ બટન દબાતું હોવાની ફરિયાદ મળી હતી.જેથી  દ્વારા બીજું ઈવીએમ લગાવવામાં આવ્યું હતું.

પરંતુ બીજા ઈવીએમમાં પણ એજ પરિસ્થિતિ ઉભી થઈ હતી. જેથી ત્રીજું ઈવીએમ લગાવ્યું હતું. જોકે કોંગ્રેસના ઉમેદવારે રિપોલિંગની માંગ કરી હતી. રાજકોટ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અને ધોરાજીના પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ પરિવાર સાથે મતદાન કર્યું હતું.

# મહાકુંભમાં ફરી ચક્કાજામ, શેરી-રસ્તા બ્લોક

સાંજના લગભગ સાડા પાંચ વાગ્યા હતા. જનસેન ગંજથી લીડર રોડ સુધીનો આખો રસ્તો ભીડથી જામ થઈ ગયો હતો. ભારે ભીડના કારણે ભક્તો આગળ વધી શકતા ન હતાં. પેસેન્જર માટેના આરામગૃહો મિનિટોમાં ભરાઈ ગયા હતા. સિવિલ લાઈન્સ સ્ટેશન પર પણ હજારો લોકો એકઠા થવા લાગ્યા.

પ્રયાગરાજ જંક્શન તરફ આવતા ત્રણ કિમી વિસ્તારમાં રસ્તાઓની સ્થિતિ ટીથર્ડ ડ્રોનમાં કેપ્ચર થઈ એટલે પ્રશાસને તુરંત એલર્ટ જાહેર કરી દીધું હતું. સમગ્ર પરિસ્થિતિ મૌની અમાસના દિવસે મચેલી નાસભાગ જેવી થઈ. ગુગલ મેપ પર પણ રેડ એલર્ટ આવી જતાં ચિંતા વધી હતી. ભીડ પણ સતત વધી રહી હતી.

ડ્ઝાયચિમ બુ રેલવેએ તાત્કાલિક ધોરણે ઈમરજન્સી પ્લાન લાગુ કર્યો. સાંજે છ વાગ્યે જનસેન ગંજથી સીધા સ્ટેશન જતો લીડર રોડ બંધ કરી દેવામાં આવ્યો. બેરિકેડિંગ લગાવતી વખતે મુસાફરો સાથે ઝપાઝપી થઈ ગઈ. પરંતુ કડાઈથી તમામ રસ્તાઓ બંધ કરવામાં



આવ્યા અને ડાયવર્ઝનના તમામ રૂટને પણ બ્લોક કરવામાં આવ્યા.

લાકડા અને ટીનથી તમામ રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા. મુસાફરોને ચોકના માર્ગે સુખરોબાગ મોકલવામાં આવ્યા હતા. સુલેમસરાયથી નકાસ કોહના જઈ રહેલી રીના શર્માએ કહ્યું કે 'મુંડેરા, સુલેમસરાય, ધુમનગંજનો આખો રસ્તો બ્લોક કરી દેવામાં આવ્યો હતો. જ્યારે હું બેનીગંજ પુલ પરથી નીચે ઉતરી ત્યારે પરિસ્થિતિ ખૂબ જ વણસી હતી.'

લુકરગંજ, ખુલદાબાદ, ખુસરોબાગ ગેટથી ચોક સુધીના તમામ રસ્તાઓ પર બેરિકેડ લગાવવામાં આવ્યા. તમામ રસ્તાઓ લાકડા અને ટીન વડે બ્લોક કરી દેવામાં આવ્યા હતા. મુસાફરો ડાયવર્ઝન રૂટ દ્વારા જ પ્રયાગરાજ જંક્શન તરફ જવા સક્ષમ હતા. આખા રસ્તા પર મૌની અમાસ જેવી જ ભીડ જોવા મળી.

રેલવેએ ઈમરજન્સી પ્લાન લાગુ કર્યા બાદ તાબડતોડ સ્પેશિયલ ટ્રેનનું સંચાલન શરૂ કર્યું હતું. દિશાવાર ટ્રેનો ભીડના અનુક્રમમાં મોકલવામાં આવી. ૧૦૦થી વધુ સ્પેશિયલ ટ્રેન અને રોજિંદા ટ્રેન સહિત ૩૦૦થી વધુ ટ્રેનનું સંચાલન કરવામાં આવ્યું. જો કે, જેટલી ઝડપથી ભીડ ઓછી થતી, તેટલી જ ઝડપથી વધુ ભીડ ઉમટી પડી. મિનિટોમાં આરામગૃહો ભરાઈ જતાં હતાં. ડાયવર્ટ રૂટ પર પણ ભક્તોની ઉમટી પડેલી ભીડથી સ્થિતિ પર કાબૂ મેળવવો મુશ્કેલ બન્યો. કોતવાલી, શાહગંજ, ખુલ્દાબાદ, ખુસરોબાગ સહિતના વિસ્તારોમાં ચક્કાજામ થયો છે. ઈ-રિક્ષા પણ ટ્રાફિક જામમાં ફસાઈ ગઈ છે. એનસીઆરના સીપીઆરઓ શશિકાંત ત્રિપાઠીએ જણાવ્યું કે, સાંજે છ વાગ્યે ભારે ભીડના કારણે ખુસરોબાગના રસ્તાઓ વાહન વ્યવહાર માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતાં.

# સરાજાહેર ફાયરિંગ કરનાર ત્રિપુટી ઝડપાઈ

## રાજકોટના પુનિતનગરમાં જૂની અદાવતમાં હુમલો કર્યો હતો, પિસ્તોલ અને ૨ કાર્ટિઝ કબજે કરાયા

રાજકોટ શહેરના ૮૦ ફૂટ રોડ પર પુનિતનગર વિસ્તારમાં ગઈકાલે વહેલી સવારે ૫.૩૦ વાગ્યા આસપાસ કુખ્યાત શક્તિ ઉર્ફે પેંડા ગેંગના સાગરીત પરેશ બળદા ઉપર જંગલેશ્વરના સમીર ઉર્ફે મુર્ગો ઉર્ફે ટકો પઠાણે તેના અન્ય મિત્રો સાથે મળી રેકી કર્યા બાદ ગેરકાયદેસર હથિયારથી ફાયરિંગ કરી ઈજા પહોંચાડી હતી. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા હતા. બનાવની જાણ થતા પોલીસના ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન શહેર પોલીસ દ્વારા ફાયરિંગ કરનાર મુ. આરોપી સમીર ઉર્ફે ટકો સહિત કુલ ૩ આરોપીઓની ધરપકડ કરી તેની પાસેથી ગુનામાં






વપરાયેલ ગેરકાયદેસર હથિયાર અને મોટર કાર કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.રાજકોટ ડીસીપી ક્રાઇમ પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગઈકાલે સવારે ૫.૩૦ વાગ્યે પુનિતનગર વિસ્તારમાં ફાયરિંગ ઘટના બની, જેમાં જંગલેશ્વરના શખસોની સંડોવણી હોવાનું સામે આવતા અલગ-અલગ ટીમો બનાવી આરોપીઓને ઝડપી પાડવા તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન શહેર પોલીસ ટીમને ચોક્કસ મળેલ બાતમીના આધારે મુખ્ય આરોપી સમીર ઉર્ફે મુર્ગો ઉર્ફે ટકો પઠાણ, શાહનવાજ ઉર્ફે નવાજ વેતરણ અને સોહીલ ઉર્ફે ભણો ચાનીયા સહિત ૩ આરોપીઓને ઝડપી પાડી તેની પાસેથી ગુનામાં વપરાયેલ ગેરકાયદેસર હથિયાર દેશી બનાવટની પિસ્તોલ કિંમત રૂ.૨૫,૦૦૦, જીવતા ૨ કાર્ટીસ કિંમત રૂ. ૨૦૦ અને વર્ના કાર કિંમત રૂ. ૫,૦૦,૦૦૦ મળી કુલ ૫.૫૨ લાખનો મુદામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મકરસંક્રાંતિના દિવસે ગોકુલધામ વિસ્તારમાં જંગલેશ્વરનો સોહેલ પોતાની ગર્લફ્રેન્ડ સાથે નીકળ્યો હતો ત્યારે પેંડા ગેંગના સાગરીતો પરેશ ઉર્ફે પરીયો, યાસીન ઉર્ફે ભુરો, મેટીયો ઝાલા સહિતનાઓએ સોહેલની ગર્લફ્રેન્ડનો હાથ પકડી બિભત્સ માંગણી કરી તું અમારી સાથે આવ તેમ કહી સોહેલ પર ચારેય શખસોએ હુમલો કર્યો હતો અને છરી સહિતના હથિયારો કાઢ્યા હતાં. જે હુમલામાં સોહેલને ઈજાઓ પહોંચતા હોસ્પિટલ ખસેડાયો હતો અને પેંડા ગેંગ સામે ગુનો નોંધવામાં આવ્યા બાદ જેલમાં ધકેલાયા હતાં. જેલમાંથી પરેશ પાંચ દિવસ પૂર્વે જ બહાર આવતા બદલો લેવા જંગલેશ્વરની ગેંગે તેના પર ફાયરીંગ કર્યુ હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આરોપી સમીર ઉર્ફે મુર્ગો ઉર્ફે ટકો પઠાણ દ્વારા ગુજરાત બહાર અન્ય રાજ્યમાંથી તેમના કોઈ પરિચિત પાસેથી આ ગેરકાયદેસર હથિયાર દેશી બનાવટની પિસ્તોલ ખરીદ કરી હતી અને ગઈકાલે રાત્રીના સમયથી સવાર સુધી રેકી કરી પરેશ બળદા ક્યારે આવે અને ક્યાં ઉભો રહે તેની ભાળ મેળવી બાદમાં કારમાં આવી ફાયરિંગ કરી ડાબા પગમાં ઈજા પહોંચાડી હતી. ફાયરિંગ કરવાનો મુખ્ય ઉદેશ સામેવાળા પર એક ડર ઉભો કરવાનો હતો કે, હત્યા કરવા માટેનો તે અંગે પોલીસે આરોપીઓની વધુ પૂછપરછ હાથ ધરી છે તેમજ અન્ય કેટલા આરોપીઓ સાથે ગુનામાં સંકળાયેલ હતા, તે અંગે પૂછપરછ હાથ ધરી તેને ઝડપી પાડવા તપાસ તજવીજ હાથ ધરી છે.




# રાજકોટમાં પોલીસના લોકદરબાર બંધ થઈ જતાં વ્યાજખોરો બેફામ

રાજકોટ શહેરમા પોલીસના વ્યાજખોરો સામેના લોક દરબાર બંધ થઈ જતા છેલ્લા ઘણા સમયથી વ્યાજખોરોના ત્રાસ વધતો જાય છે અને લોકો આપઘાત કરી રહયાના બનાવો સામે આવી રહયા છે. ત્યારે રાજકોટ શહેરમા કોઠારીયા રોડ પર ન્યુ ગણેશ સોસાયટીમા રહેતા યુવાને પત્નીના ઓપરેશન માટે વ્યાજે લીધેલા ૨૮ હજારના સવા લાખ રૂપીયા ચુકવી દીધા છતા વ્યાજખોરો યુવકના દાગીના અને વાહન પડાવી લીધા હતા અને વધુ રૂ. ૨ લાખની પઠાણી ઉઘરાણી કરતા બેડીના વ્યાજખોર વિરૂધ્ધ પોલીસમા ફરીયાદ નોંધવામા આવી છે.


> **વ્યાજખોરોના ત્રાસ વધતો જાય છે અને લોકો આપઘાત કરી રહયાના બનાવો સામે આવી રહયા છે**

વધુ વિગત મુજબ ન્યુ ગણેશ સોસાયટીમા રહેતા વિશાલ ગોવિંદભાઇ કેશુર નામના યુવાને પોતાની ફરીયાદમા બેડીના વ્યાજખોર ભાનુ કાનગડનુ નામ આપતા તેમના વિરૂધ્ધ મનીલેન્ડ એકટ હેઠળ ગુનો નોંધવામા આવ્યો છે. આ ઘટનામા વિશાલે ફરીયાદમા જણાવ્યુ હતુ કે પોતે બોલેરો વાહન ચલાવી પરીવારનુ ગુજરાન ચલાવે છે. છ મહીના મહેલા પત્ની ભુમીનુ કિડનીની પથરી કાઢવાનુ ઓપરેશન કરવાનુ હોય જેથી નાણાની જરૂરીયાત ઉભી થઇ હતી અને ઓપરેશનમા ૬૫ હજારની જરૂરીયાત હોય જેથી મોરબી રોડ પર જમના પાર્કમા રહેતો મિત્ર વિશાલ કાનગડના મોટાભાઇ ભાનુભાઇ જેને માર્કેટીંગ યાર્ડની સામે માધવ કાર એન્ડ બાઇક નામે ધંધો કરતો હોય અને વ્યાજે પૈસા આપતો હોય જેથી વિશાલ ત્યા ગયો હતો અને ત્યારે ભાનુએ એકટીવા ગીરવે મુકવુ પડશે તેમ વાત કરી ૨૮ હજાર રૂપીયા વ્યાજે આપ્યા હતા તેનુ દર મહીને રૂ. ૩૦૦૦ ચુકવતો હતો. પત્નીના ઓપરેશન બાદ વિશાલે વ્યાજની રકમ ચુકવી શકતો ન હોય જેથી ભાનુએ પઠાણી ઉઘરાણી શરૂ કરી હતી. અને સોરઠીયા વાડી સર્કલ પાસે બોલાવી બાઇક બળજબરીથી પડાવી લીધુ હતુ.

ત્યારબાદ વ્યાજના પૈસા ચુકવવા અને બાઇક છોડાવવા માટે પત્નીનો પેડલ સેટ અને બે જોડી બુટી કોઠારીયા રોડ પર આવેલ ક્રેપી લોન્સમા મુકવાનુ નકકી કર્યુ હતુ અને દાગીના મુકીને ૧ લાખ રૂપીયા લોન લીધી હતી અને ૭૦ હજાર લઈને ભાનુભાઇ પાસે ચુકવવા પહોંચ્યો હતો ત્યારે ગીરવે મુકેલી ગાડી છોડાવવા માટે ગયો હતો. અને ત્યારે ભાનુભાઈએ બાઇક આપી દીધુ હતુ જયારે એકટીવા તેની પાસે રાખ્યુ હતુ. ત્યારબાદ ભાનુભાઈએ કહયુ કે દાગીના હુ છોડાવી આપીશ. તારી ગાડી તને આપી દઇશ. તારે દર મહીનાનુ વ્યાજ સહીત રૂ. ૧૨ હજાર ચુકવવા પડશે. તેથી ડીસેમ્બર મહીનામા ભાનુભાઇ સાથે આવેલી ક્રેપી લોન્સમા ગીરવે મુકેલા દાગીના તેઓએ છોડાવી દીધા હતા. ત્યારે આરોપી ભાનુ ત્યાથી વિશાલભાઇનુ બાઇક અને દાગીના લઇને જતો રહયો હતો અને હજુ રૂ. ૨.૧૦ લાખની ઉઘરાણી કરતો હોય જેથી તેના વિરૂધ્ધ પોલીસમા ફરીયાદ નોંધાવી હતી.

# ગુજરાતમાં ખૂટી જશે ભૂગર્ભજળ! સૌથી વધુ ખેંચે છે પાણી, રિપોર્ટમાં ધડાકો

## ૨૬ જિલ્લામાં ભૂગર્ભજળમાં ખારાશનું પ્રમાણ વધ્યું



બનાસકાંઠાઃ જિલ્લામાં ભૂગર્ભ જળ સૌથી મોટી સમસ્યા બની રહી છે. ઊંડા જતા ભૂગર્ભજળના કારણે બોરવેલ ફેલ થઈ રહ્યા છે. જ્યારે પાણી ના હોવાથી પશુપાલન અને ખેતી કઈ રીતે કરવી તે ખેડૂતો માટે સૌથી મોટો પ્રશ્ન એ બન્યો છે. ત્યારે રાજ્ય સરકારે છેવાડાના માનવી સુધી પાણી પહોંચે તેના માટે નર્મદાના પાણીની સગવડ તો કરી છે. પરંતુ તેમ છતાં એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ગુજરાતમાં ભૂગર્ભજળનો કોઈ રોકટોક વગર બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. રિપોર્ટ પ્રમાણે સમગ્ર રાજ્યમાં ૨૭.૩૫ બિલીયન ક્યુબિક મીટર ભૂગર્ભજળ રિચાર્જ થાય છે તેની સામે દર વર્ષે સરેરાશ ૧૩ બિલીયન ક્યુબિક મીટર (ઈઈખ) ભૂગર્ભજળ ખેંચવામાં આવી રહ્યું છે. ગુજરાતમાં આજે ૨૬ જિલ્લા એવી છે જ્યાં ભૂગર્ભજળમાં ખારાશનું પ્રમાણ વધ્યું છે. આ ઉપરાંત ૨૭ જિલ્લામાં ફલારાઈડની માત્રા વધી છે. ૩૨ જિલ્લામાં એવુ છે જેમાં નાઈટ્રિટનું પ્રમાણ વધુ છે. ૧૨ જિલ્લામાં આર્સેનિકની હાજરી ભૂંગભંજળમાં જોવા મળી છે. ૧૪ જીલ્લામાં ભૂગર્ભજળમાં આયનું એક જીલ્લામાં સીસુ અને પાંચ જિલ્લામાં યુરેનિયમે દેખા દીધી છે. આખાય રાજ્યમાં બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ભૂગર્ભજળ વધુ પ્રમાણમાં ખેંચાઇ રહ્યું છે. જલ જીવન મિશન અને અટલ ભૂ યોજનાના નામે કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે. આ ઉપરાંત નલ સે જલ યોજના થકી આખો રાજ્યમાં સો ટકા પરિવારીને નળ કનેક્શન આપી દેવાયાનો દાવો કરવામાં આવી રહ્યો છે, છતાં છેવાડાના માનવી સુધી હજુ સુધી પીવાનું પાણી પહોંચી શક્યું નથી.

ઉત્તર ગુજરાતમાં તો ૧૦૦-૧૫૦ ફૂટથી વધુ ઊંડે પણ પાણી રહ્યું નથી તેવી સ્થિતી પરિણમી છે કે, હાલ ભૂગર્ભજળની ગુણવત્તા જોતાં એવી સ્થિતી સર્જાઇ છે કે પીવાલાયક પણ રહ્યું નથી. તેનું કારણ એ છે કે, ભૂગર્ભજળમાં ફ્લોરાઈડ, સીસુ, નાઈટ્રિટ, આયન, આર્સેનિક અને પુરેનિયમ જેવા જોખમી તત્વોની માત્રા વધે છે. આ તત્વો માનવ સ્વાસ્થ્ય માટે જોખમી પુરવાર થઈ શકે છે. કેમ કે જોખમી તત્વો સાથેના ભૂગર્ભજળ પીવાથી દાંત, પેટના રોગ થઈ શકે છે. લિવર અને કીડનીના રોગનો શિકાર, પણ બનાવે છે. ફલોરાઈડને લીધે હાથ-પગના સાંધાના દુઃખાવો થાય છે.

ગુજરાતમાં ૧૨ ટકા ભૂગર્ભજળનો સિંચાઈમાં ઉપયોગ થઈ રહ્યો છે જ્યારે ૦.૧૮ ટકા ઉધોગમાં વપરાશ થઈ રહ્યો છે. ઘરવપરાશમાં ૦.૮૨ ટકા ભૂગર્ભજળ વપરાઈ રહ્યું છે. જાભૂગર્ભજળનો બેફામ ઉપયોગ થઈ રહ્યો છે. છે. આજે ગુજરાતમાં બનાસકાંઠા, મહેસાણા, પાટલ, અમદાવાદ એવા જિલ્લા છે જ્યાં મહત્તમ પ્રમાણમાં ભૂગર્ભજળ ખેંચાઈ રહ્યુ છે.



# ગુજરાતના માથા પરના કરોડોના દેવામાં થયો ઘટાડો

## ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવાના ઘટાડામાં ગુજરાત પ્રથમઃ ૨૦૨૪માં વિધાનસભામાં રજૂ થયેલા આંકડાને સાચો માનીએ તો રાજ્યની માથે ૪ લાખ ૧૭ હજાર કરોડથી વધુનું કરજ

ગુજરાતના જાહેર દેવામાં ઘટાડો થયો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોશિયલ મીડિયા આ માહિતી શેર કરી છે. જીડીપીના ૪.૫ ટકા જેટલો જાહેર દેવામાં ઘટાડો થયો છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવા ઘટાડામાં ગુજરાત પ્રથમ ક્રમે છે. એનસીએઈઆર દ્વારા જાહેર થયેલા પેપરમાં આ વિગતો સામે આવી છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવાના ઘટાડામાં ગુજરાત પ્રથમ છે, ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી જાણકારી આપી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરી ગુજરાતના જાહેર દેવામાં ઘટાડો થવાનું જણાવ્યું છે. GDPના ૪.૫ ટકા જેટલો જાહેર દેવામાં ઘટાડો થયાનું જણાવ્યું છે. ભારતના સૌથી મોટા ૨૧ રાજ્યોમાં જાહેર દેવાના ઘટાડામાં ગુજરાત પ્રથમ છે.

મુખ્યમંત્રીએ ટ્વીટ કરી લખ્યું કે, NCAER ના અર્થશાસ્ત્રીઓ દ્વારા બહાર પાડવામાં આવેલા રિપોર્ટ મુજબ મને એ જણાવતા આનંદ થાય છે કે ગુજરાતે તેના દેવાથી GSDP ગુણોત્તરમાં ૪.૫% ઘટાડો કર્યો છે, જે ભારતના તમામ મોટા ૨૧ રાજ્યોમાં સૌથી વધુ છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન અને રાજકોષીય સમજદારીનો પુરાવો છે. કોઈપણ રાજ્ય કે દેશ ઉપર દેવું હોવું એ આજકાલની વાત નથી. માણસ જ્યારથી અર્થનીતિ સમજતો થયો છે ત્યારથી દેવું અસ્તિત્વમાં છે, માત્ર તેના સ્વરૂપ બદલાય છે. ૨૦૨૪માં વિધાનસભામાં રજૂ થયેલા આંકડાને સાચો માનીએ તો રાજ્યની માથે ૪ લાખ ૧૭ હજાર કરોડથી વધુનું કરજ. સરકાર વિકાસ કરે તો દેવું થાય એવું પણ એક કારણ સામે આવ્યું હતું જો કે, આ વખતે બજેટ પહેલા દેવાને લઈ રાહત જનક આંકડા સામે આવ્યા છે. ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (કેગ) દ્વારા વિધાનસભાના છેલ્લા દિવસે ગુજરાત સરકારના નાણાંકીય હિસાબોનો ઓડિટ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો છે. જેમાં સરાકરી દેવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આ રિપોર્ટ અનુર, સરકારે ૪૩૦૦૦ કરોડની બજાર લોન લીધી છે. પરંતું તેની સામે ૧૪૭૦૦ કરોડ રૂપિયાની લોન ભરી છે. ૨૦૨૩ ના અંત સુધી આ લોનની રકમ ૨૮૩૦૫૭ પર પહોંચી ગયો છે. છેલ્લા બે વર્ષના હિસાબ માંડીએ તો, ૨૦૨૧-૨૨ માં સરકારના બાકી દેવા અને જવાબદારીઓનો આંકડો ૩૮૦૭૯૭.૫૩ કરોડ હતો, જેમાં ૨૦૨૨-૨૩ ના વર્ષમાં ૩૧૫૮૦ કરોડનો વધારો થયો છે. તો સરકારને જાહેર દેવુ, નાની બચત અને ભવિષ્ય નિધિ વગેરેમાં ૨૪૨૨૪.૮૫ કરોડ તેમજ અન્ય જવાબદારીઓમાં ૧૧૨૮.૮૩ મળને કુલ ૨૫૩૫૩.૬૮ કરોડનું વ્યાજ ચૂકવ્યું છે.

# હીરા, સિરામિક પછી હવે પેપર ઉદ્યોગ મંદીના ભરડામાં, વૈશ્વિક નિકાસ ઘટતાં આવ્યું સંકટ




મોરબીઃ ગુજરાત એટલે વેપાર...ધંધા અને ઉદ્યોગોનો રાજ્ય. ગુજરાતના એવા અનેક શહેરો છે જે પોતાના અલગ અલગ ઉદ્યોગને કારણે વિશ્વમાં ખ્યાતિ પામ્યા છે.જેમાં સુરતનો હીરા ઉદ્યોગ, રાજકોટ મશીનરી ઉદ્યોગ, મોરબીનો સિરામીક ઉદ્યોગનો સમાવેશ થાય છે.પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ તમામ ઉદ્યોગમાં મંદીનો જોરદાર માર પડ્યો છે. આજે વાત મોરબીની કરીએ. તો મોરબીમાં સિરામિક ઉદ્યોગમાં મંદીનો માર પડ્યો છે.ત્યાં વધુ એક ઉદ્યોગ મંદીના કારણે મૃતપાય થવાની સ્થિતિમાં આવી ગયો છે.મોરબી શહેર તેના ઉદ્યોગને કારણે સમગ્ર વિશ્વમાં જાણીતું છે.ઔદ્યોગિક નગર આ બન્ને ઉદ્યોગને કારણે જાણીતું છે.પરંતુ જેનાથી મોરબીને એક અલગ ઓળખ મળી હતી તે સિરામિક અને પેપર ઉદ્યોગને મંદીના વાદળોએ ઘેરી લીધો છે.અને એવો ઘેર્યો છે કે બન્ને ઉદ્યોગના અનેક કારખાના બંધ થઈ ગયા છે..જે ચાલી રહ્યા છે તે પણ ઓછા પ્રોડક્શનથી ચાલી રહ્યા છે.અને ગમે ત્યારે તેને પણ તાળા વાગી જાય તો નવાઈ નહીં.સિરામિક ઉદ્યોગ મંદી અને મોંઘવારીમાં માંડ માંડ ધમધમી રહ્યો છે...૨૦૦ જેટલા કારખાના સદંતર બંધ થઈ ગયા છે...કંઈક આવી જ સ્થિતિ હવે મોરબીના પેપર મીલ ઉદ્યોગની પણ થઈ છે....અનેક લોકોને રોજગારી આપતો આ પેપરમીલ ઉદ્યોગ મંદીમાં એવો ફસાયો છે કે છેલ્લા અઢી વર્ષમાં ૨૩ જેટલી પેપર મીલો પર ખંભાતી તાળા મારવાની ફરજ પડી....પહેલા મોરબીના લીલાપર રોડ, સરતાનપર રોડ, માળિયા રોડ સહિત અલગ અલગ વિસ્તારમાં ૭૫ જેટલી પેપર મીલો ચાલતી હતી...પરંતુ હાલ માત્ર ૫૨ જ ચાલુ છે.

મોરબીમાં હાલ માત્ર ૫૨ પેપર મીલ જ ચાલુ છે જે કારખાના હાલ ચાલી રહ્યા છે તેમાં પણ પ્રોડક્શન પર ૩૦થી ૪૦ ટકાનો કાપ મુકવો પડ્યો છે...તો પ્રોડક્શન ઘટવાથી પડતર કિંમત પણ ઊંચી જતી રહી છે. જેના કારણે વૈશ્વિક બજારમાં મોરબીના પેપર મીલના ઉદ્યોગકારો ટકી શક્તા નથી....તેથી આ ઉદ્યોગ સાથે જોડાયેલા ઉદ્યોગકારોએ માગણી કરી છે કે, સરકારી સસ્તા ભાવનો લિગ્નાઈટ કોલસો પૂરો પાડવામાં આવે, વીજ પુરવઠામાં થોડી રાહત આપવામાં આવે, ઉદ્યોગમાં સોલાર સિસ્ટમ ફીટ કરાવે અને ઈમ્પોર્ટ થતાં પેપર વેસ્ટ પર સરકાર ડ્યુટી હટાવી દે, તો મોરબીના પેપરમીલ ઉદ્યોગને થોડી હૂંફ મળી શકે તેમ છે.

# પા.પુ. બોર્ડની કચેરીમાં વર્ષોથી ધૂળ ખાતા ભંગારના રૂ.૨ કરોડ ઉપજ્યા

## જૂના પાઈપ, પંપ, વાલ્વ પૈકી કેટલીક નવી ચીજો પણ ભંગારના ભાવમાંઃ જૂની મશીનરીનો નિકાલ



રાજકોટઃ રાજકોટ ઝોનની પાણી પુરવઠા બોર્ડની કચેરી દ્વારા રૂ. ૫૬.૭૬ લાખના ભંગારનો નિકાલ કરવા માટે હાથ ધરવામાં આવેલી ઓનલાઇન હરરાજીની પ્રક્રિયા દરમિયાન ૧૯૩ લાખ જેવી રકમ વધુ ઉપજતા અંદાજે રૂ. ૨ કરોડના રાજકોટ, મોરબી અને જામનગર પા.પુ. બોર્ડની કચેરીના જુના ભંગારના નિકાલ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો. અલબત્ત સુરેન્દ્રનગરની કચેરી હસ્તક ભંગારની વિગતો સમયસર કચેરી નહીં મળતા તેનો હરરાજીમાં સમાવેશ કરવામાં આવ્યો નહીં હોવાનું જાણવા મળ્યું હતું. તાજેતરમાં રાજયની પાણી પુરવઠા બોર્ડની કચેરીમાં હાથ ધરવામાં આવેલાં સફાઇ અભિયાન હેઠળ જુના પાઇપ, જુની મશીનરી, વાલ્વ સહિત વર્ષોથી લોખંડની જૂની ચીજવસ્તુઓના નિકાલની કાર્યવાહી હાથ ધરવા માટે જે ભંગારના લમ્મ સમ્પસમ્પ નિકાલ કરવા માટે ભાવ નિશ્ચિત કરવાની જવાબદારી રોડ એન્ડ બિલ્ડિંગ વિભાગ દ્વારા પાણી પુરવઠા બોર્ડની કચેરીઓના ભંગારની વિગતો જાણ્યા બાદ પાઇપ અને પમ્પીંગ મશીનરીનો નિકાલ રૂ. ૫૭.૩૩ લાખમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવ્યા હતા. ઓનલાઇન ટેન્ડર પ્રક્રિયામાં ૬૭ એજન્સીઓએ ભાગ લીધો હતો. જેમાં ૧૭ એજન્સીઓ ક્વોલીફાઇ થઇ હતી. જે પૈકી અમદાવાદની એજન્સી દ્વારા ૨૪૬.૨૪ ટકા ઉંચા ભાવ ભરવામાં આવતા રૂ.બે કરોડનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું હતું.

સુત્રોએ જણાવ્યું હતું કે પાણી પુરવઠા બોર્ડમાં લાખોટાની વણવપરાયેલી કેટલીક ચીજવસ્તુઓની કિંમત લાખો રૂ. થતી હોવા છતાં તેની સાચી આકરણી કરવામાં આર. એન્ડ બી.ના અધિકારીઓ મહદ્‌? અંશે નિષ્ફળ ગયા હતા. કેટલીક નવી વસ્તુઓ પણ લાંબા સમયથી સુધી પડતર રહેતા અંતે ભંગારમાં આવ્યો હતો. ટેન્ડર પ્રક્રિયા પુરી થયા બાદ આ વિગતો સામે આવતા તપાસ કરવી જરૂરી બની રહી હોવાનું જણાવાયું હતું.

# ભાજપ નેતા દ્વારા સરકારી ગાડી ઉપયોગ પર્સનલ કામમાં

## લીલુ જાદવે કહ્યું- બોર્ડની પરીક્ષા આપવા ગયેલા સંતાનને તેડવા ગઈ હતી, હિતશત્રુએ વીડિયો ઉતારી વાઇરલ કર્યો





રાજકોટના મેયર નયનાબેન પેઢડીયા સરકારી કારમાં પ્રયાગરાજ મહાકુંભમાં પહોંચ્યા તેનો વિવાદ હજુ શાંત થયો નથી, ત્યાં જ મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા લીલું જાદવે પોતાની સરકારી કારમાં પુત્રને શાળાએથી તેડવા માટે ગયા તેનો વીડિયો વાઇરલ થયો છે. આ મામલે તેમણે ખૂલાસો કર્યો કે, બોર્ડની પરીક્ષા આપવા જતા સંતાનને તેડવા ગઈ હતી. બોર્ડના વિદ્યાર્થીઓને આમ પણ મદદ કરવી જોઈએ.

રાજકોટમાં મનપાના મેયર બાદ શાસક પક્ષના નેતાની ગાડીને લઈ વિવાદ સામે આવ્યો છે. શાસક પક્ષના નેતા અને વોર્ડ નંબર-૧૧ના કોર્પોરેટર લીલુબેન જાદવ પોતાની સરકારી કારમાં પુત્રને શાળાએ લેવા ગયા હોવાનો વીડિયો વાઇરલ થયો છે. આ મામલે તેમણે જણાવ્યું હતું કે, ની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા આજથી શરૂ થઈ છે. મારો દીકરો મોદી સ્કૂલમાં ધોરણ ૧૨માં અભ્યાસ કરી રહ્યો છે. જોકે, તેની પરીક્ષા કાલાવડ રોડ ઉપર આવેલી જીનિયસ સ્કૂલમાં બપોરે પરીક્ષા પૂર્ણ થઈ ત્યારે મારા દીકરાને લેવા જવાનું હતું, ત્યારે બાજુમાં રહેતાં બહેનની દીકરીને લઇ આવવા માટે મારી પાસે સેવા આવી હતી. મારા વોર્ડમાં કામ માટે હું ગઈ હતી અને ત્યાર બાદ બંને બાળકોને શાળાએથી ઘરે કારમાં લઈ આવી હતી. મારા કોઈ હિતશત્રુ કે વિરોધીઓ દ્વારા વીડિયો વાઇરલ કરવામાં આવ્યો હોય શકે. જોકે, હાલ આ સમગ્ર મામલે વિવાદ સામે આવ્યો છે.

# ગુજરાત સરકારને ૧૮૪0000000 કરોડથી વધુની આવક, સૌથી મોટી સિદ્ધિ





મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં વડોદરા ખાતે કાર્યરત ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા-ગ્રેરીલ્ઈ એ વર્ષ ૨૦૨૧-૨૨ થી એટલે કે છેલ્લા ચાર વર્ષમાં અંદાજે ૬.૧૪ લાખથી વધુ નમૂનાઓનું સફળ પરીક્ષણ કરીને રાજ્યમાં બાંધકામ ક્ષેત્રને વધુ મજબૂત, સુદ્રઢ બનાવવાનું ભગીરથ કાર્ય કર્યુ છે.આ પરીક્ષણ થકી રાજ્ય સરકારને અંદાજે કુલ રૂ. ૧૮૪ કરોડથી વધુની માતબર રકમની આવક- રેવન્યુ પણ પ્રાપ્ત થઇ છે તેમ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું. મંત્રી કુંવરજીભાઈએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, રાજ્યમાં વિવિધ જાહેર તેમજ ખાનગી ક્ષેત્રે થતા બાંધકામ કામોના પરીક્ષણ માટે વડોદરાના ગોત્રી સહિત રાજ્યભરમાં વિવિધ પ્રયોગશાળાઓ-લેબ કાર્યરત છે. આ પ્રયોગશાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૧.0૩ લાખથી વધુ નમૂનાઓના પરીક્ષણ દ્વારા રૂ. ૩૦ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૩૩ લાખ પરીક્ષણ થકી રૂ. ૪૨.૭૪ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૮૭ લાખથી વધુ પરીક્ષણ દ્વારા રૂ. ૫૩.૯૩ કરોડ જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં જાન્યુઆરીના અંત સુધીમાં ૧.૯૦ લાખ નમૂનાઓના પરીક્ષણ થકી રૂ. ૫૭.૪૬ કરોડ એમ કુલ ૬.૧૪ લાખથી વધુ પરીક્ષણ દ્વારા રૂ. ૧૮૪ કરોડથી વધુની આવક થઇ છે.

જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી મુકેશ પટેલે કહ્યું હતું કે, ગેરી દ્વારા આધુનિક ઉપકરણોના માધ્યમથી તેમજ પૂરતા માનવ સંસાધનના પરિણામે ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ સુધીમાં માત્ર અગત્યના માટી પરીક્ષણ, કોંક્રીટ મિક્સ ડિઝાઈન તેમજ આસ્ફાલ્ટ મિક્સ ડિઝાઈનના મળીને કુલ ૯,૨૨૮ સફળ પરીક્ષણ કરવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૨-૨૩માં ૮૩૧ માટી પરીક્ષણ સામે વર્ષ ૨૦૨૩-૨૪માં ૨,૬૪૬ એટલે ત્રણ ગણા વધુ પરીક્ષણો કરવામાં આવ્યા છે જે જાહેર અને ખાનગી બાંધકામ ક્ષેત્રમાં રાજ્ય સરકાર દ્વારા ગુણવત્તાયુક્ત માળખુ ઉપલબ્ધ કરાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. રાજ્ય મંત્રી મુકેશભાઇએ જણાવ્યું હતું કે, જાહેર અને ખાનગી બાંધકામની ગુણવત્તા સંબંધિત કરવામાં આવતા વિવિધ પરીક્ષણમાં ગુજરાતે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. કોઇપણ જાહેર ઇમારત કે બાંધકામનું આયુષ્ય-ટકાઉપણું તેની પાયાની ગુણવત્તાના આધારે જ નક્કી થતું હોય છે.આ ગુણવત્તા સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત ગેરીની વિવિધ આધુનિક લેબમાં ઇમારતોનું સમયસર યોગ્ય વૈજ્ઞાનિક પદ્ધતિસરનું પરીક્ષણ કરવામાં આવે છે.મુખ્યમથક વડોદરા સહિત ગેરી અંતર્ગત રાજ્યભરમાં કુલ ૨૪ આધુનિક પ્રયોગશાળાઓ કાર્યરત છે.

## કલેક્ટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને જિલ્લા ઈ-સેવા સોસાયટીની બેઠક યોજાશે



રાજકોટઃ કલેક્ટર શ્રી પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરી રાજકોટ ખાતે તા. ૨૧/૦૨/૨૦૨૫ના રોજ જિલ્લા ઈ-સેવા સોસાયટીની બેઠક યોજાશે. જેમાં જનસેવા કેન્દ્રો તથા ઈ-ધરા કેન્દ્રોની કામગીરી અંગે ચર્ચા તથા ઈ-ધરા કેન્દ્રો ખાતે રેકોર્ડની જાળવણી હેતુ ઈ-ધરા કેન્દ્ર પર વ્યવસ્થાનું આયોજન કરવામાં આવશે.

# ગુજરાતમાં EDનો સપાટો, એક જ દિવસમાં ૧૬૪૬ કરોડ રૂપિયાની ક્રિપ્ટો કરન્સી જપ્ત




પ્રવર્તન નિદેશાલય, અમદાવાદ (ઈડી) એ બિટકનેક્ટ ક્રિપ્ટો કરન્સી છેતરપિંડીના કેસમાં, પ્રિવેન્શન ઓફ મની-લોન્ડરિંગ એક્ટ, ૨૦૦૨ (પીએમએલએ) ની જોગવાઈઓ હેઠળ અંદાજે ૧૬૪૬ કરોડ રૂપિયાની કિંમતની વિવિધ ક્રિપ્ટોકરન્સીના રૂપમાં ગુનામાંથી મળેલી રકમ જપ્ત કરી છે.ભારતની કોઈ પણ એજન્સી દ્વારા એક જ દિવસમાં જપ્ત કરવામાં આવેલી અત્યાર સુધીની સૌથી મોટી રકમ છે. રૂપિયા ૨૦૮૦ કરોડના મલ્ટિનેશનલ ક્રિપ્ટો કરન્સીના ગોટાળાની તપાસ દરમિયાન આ મસમોટી રકમના વ્યવહાર મળ્યા છે. ગુજરાતના આરોપી સતિષ કુંભાણીને ત્યાં પાડવામાં આવેલા દરોડા દરમિયાન ડિજિટલ સાધનમાંથી આ લેવડ-દેવડ સામે મળી આવી હતી.

ઈડીના દરોડામાં આ ક્રિપ્ટોકરન્સી ઉપરાંત, ભારતીય રૂપિયા ૧૩.૫૦ લાખ, એક લેક્સસ કાર અને ડિજિટલ ઉપકરણો પણ જપ્ત કરવામાં આવ્યા છે. ઈડીએ સીઆઈડી, ક્રાઇમ, પોલીસ સ્ટેશન, સુરત દ્વારા નોંધાયેલી એફઆઈઆર ના આધારે પીએમએલએ જોગવાઈઓ હેઠળ તપાસ શરૂ કરી છે. હેઠળ તપાસ દરમિયાન, એવું બહાર આવ્યું કે નવેમ્બર, ૨૦૧૬થી જાન્યુઆરી ૨૦૧૮ ના સમયગાળા દરમિયાન, આરોપીઓએ બિટકનેક્ટ ના કથિત 'લેન્ડિંગ પ્રોગ્રામ'માં રોકાણના રૂપમાં સિક્યોરિટીઝની છેતરપિંડી અને બિન-નોંધાયેલ ઓફર અને વેચાણ કર્યું હતું, વિશ્વભરના રોકાણકારો તરફથી, જેમાં ભારતમાં સ્થિત રોકાણકારોનો પણ સમાવેશ થાય છે. બિટકનેક્ટ ના સ્થાપકે એક અસંગઠિત સંસ્થા સ્થાપી હતી અને ત્યારબાદ, પ્રમોટરોનું વિશ્વવ્યાપી નેટવર્ક સ્થાપિત કર્યું, અને તેમને કમિશન આપીને તેમના પ્રમોશનલ પ્રયાસો માટે પુરસ્કાર આપ્યો હતો. રોકાણકારોને કથિત ધિરાણ કાર્યક્રમમાં રોકડ અને બિટકોઈનના રૂપમાં ભંડોળ જમા કરાવવા માટે પ્રેરિત કરવા માટે, બિટકનેક્ટે અન્ય બાબતોની સાથે એવું પણ રજૂ કર્યું કે બિટકનેક્ટ એક કથિત માલિકીનું 'વોલેટિલિટી સોફ્ટવેર ટ્રેડિંગ બોટ' ('ટ્રેડિંગ બોટ') તૈનાત કરશે. જેનો તેમનો દાવો હતો કે, રોકાણકારોના ભંડોળનો ઉપયોગ દર મહિને ૪૦% જેટલું ઊંચું વળતર જનરેટ કરવા માટે કરશે અને તેમણે બિટકનેક્ટ વેબસાઇટ પર કાલ્પનિક વળતર પોસ્ટ કર્યું હતું જે સરેરાશ, દરરોજ ૧% અથવા વાર્ષિક ધોરણે આશરે ૩૭૦૦% જેટલું હતું.

પરંતુ આ તમામ દાવાઓ બનાવટી પુરવાર થયા હતા. કેમ કે, આરોપીઓ જાણતા હતા કે બિટકનેક્ટ તેના કથિત ટ્રેડિંગ બોટ સાથે વેપાર કરવા માટે રોકાણકારોના ભંડોળનો ઉપયોગ કરતું નથી, તેના બદલે, તેઓએ રોકાણકારોના ભંડોળને તેમના દ્વારા નિયંત્રિત ડિજિટલ વોલેટ સરનામાં પર ટ્રાન્સફર કરીને તેમના પોતાના ફાયદા માટે અને તેમના સહયોગીઓના ફાયદા માટે ચોરી કરી હતી.તપાસ દરમિયાન, પ્રવર્તન નિદેશાલય, અમદાવાદ ઝોનલ ઓફિસે આ ક્રિપ્ટો વોલેટ્સના મૂળ અને નિયંત્રકોને છુપાવવા માટે અસંખ્ય ક્રિપ્ટો વોલેટ્સમાં કરવામાં આવતા વ્યવહારોના જટિલ નેટવર્કની તપાસ કરી હતી.

આ અગાઉ આ કેસમાં ઈડીએ અમદાવાદ ઝોનલ ઓફિસે ૪૮૯ કરોડ રૂપિયા (આશરે) ની સ્થાવર અને જંગમ મિલકતો જપ્ત કરી હતી. ઓનલાઈન સ્ત્રોતો દ્વારા એવું પણ જાણવા મળ્યું છે કે વિદેશી નાગરિકોએ પણ બિટકનેક્ટમાં રોકાણ કર્યું હતું અને બિટકનેક્ટ કેસના મુખ્ય આરોપીની પણ યુ.એસ.એ.માં તપાસ ચાલી રહી છે.

## લવ જેહાદની ઘટનાઓ પર નિયંત્રણ માટે રાજ્ય સરકારની વિશેષ સમિતિ

### છેતરપિંડીથી ધર્માંતર વિરોધી કાયદાનો અભ્યાસ કરીને સરકારને ભલામણ કરશે

મુંબઈઃ આંતરધર્મીય લગ્નના માધ્યમથી જાહેર થતી લવ જેહાદની ઘટનાઓ પર નિયંત્રણ માટે રાજ્ય સરકારે પગલાં ભર્યા છે. પોલીસ મહાસંચાલકની અધ્યક્ષતા હેઠળ વિશેષ સમિતિ સ્થાપવામાં આવી છે. આ સમિતિ બીજા રાજ્યોએ લવ જિહાદ વિરોધી તેમ જ ફરજિયાત કે છેતરપિંડી કરીને કરેલા ધર્માંતર વિરોધી કાયદાઓનો અભ્યાસ કરીને કાયદાનો મુસદ્દો તૈયાર કરવા સરકારને ભલામણ કરશે.

રાજ્યમાં છેલ્લા થોડા વર્ષમાં આંતરધર્મીય લગ્ન કરીને લવ જિહાદની ઘટનાઓ પ્રકાશમાં આવી છે. તેના પર અંકુશ માટે કઠોર કાયદા ઘડવાની માગણી નાગરિકો દ્વારા ખાસ કરીને હિંદુત્વવાદી સંગઠનો તરફથી થતી હતી. એ ધ્યાનમાં લેતા ગૃહ વિભાગે બીજા કેટલાક રાજ્યોએ કરેલા લવ જિહાદ વિરોધી કાયદાનો અભ્યાસ કરવા વિશેષ સમિતિ નિમી છે. આ સંદર્ભનો જીઆર શુક્રવારે જારી કરવામાં આવ્યો હતો. પોલીસ મહાસંચાલકની અધ્યક્ષતા હેઠળ નિમવામાં આવેલી આ સમિતિમાં મહિલા અને બાલવિકાસ, લઘુમતી વિકાસ, કાયદો અને ન્યાય, સામાજિક ન્યાય વિભાગના અતિરિક્ત મુખ્ય સચિવ અને સચિવ તેમ જ ગૃહવિભાગના કાયદા શાખાના સહસચિવ અથવા ઉપસચિવ સભ્ય હશે. કેટલાક રાજ્યોએ લવ જિહાદ અને ફરજિયાત ધર્માંતર વિરોધી કાયદા ઘડ્યા છે.

## બોર્ડની પરીક્ષાના CCTVમાં ચેડાં ન થયા હોવાનું દરેક ડીઈઓએ સર્ટિ આપવું પડશે

### સ્કૂલો ઘણી વાર સીડી કરપ્ટ થયાનું કહેતા શંકાસ્પદ ફૂટેજ પરત મેળવી શકાતા ન હતા

અમદાવાદઃ ધોરણ ૧૦, ૧૨ની બોર્ડની પરીક્ષા પહેલાં સીસીટીવીની ગાઇડલાઇન જાહેર કરાઈ છે, જે મુજબ હવે પરીક્ષા બાદ દરેક જિલ્લા શિક્ષણાધિકારીએ સીસીટીવીમાં કોઈ ચેડાં નથી થયાં, સીડીના વીડિયોના કોઈ વિઝ્યુઅલ કાપવામાં આવ્યા નથી તેવું સર્ટિફિકેટ આપવું પડશે. ઉપરાંત સીડીના રાઇટ કરવામાં પણ સ્કૂલ સંચાલકો તકેદારી રાખશે. જો કોઈ સ્કૂલ સંચાલક કરપ્ટ સીડી આપશે તો તેની સામે પણ કાર્યવાહી થશે.

ધોરણ ૧૦ માટે ૯૮૯, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ માટે ૫૨૦ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૧૫૨ કેન્દ્ર પર પરીક્ષા લેવાશે. દર વર્ષે મોટી સંખ્યામાં કરપ્ટ સીડી મળતી હતી, જેથી સીસીટીવીના મોનિટરિંગમાં મુશ્કેલી ઊભી થતી હતી. આ સ્થિતિમાં કોઈ વિદ્યાર્થીએ ગેરરીતિ કરી હોય તો પણ ખ્યાલ આવતો ન હતો.

ઘણી વાર સીડીમાં કોઈ એડિટિંગ થયું હોય તે પણ તેનો ખ્યાલ આવતો ન હતો, કારણ કે સીસીટીવીની સીડી જોવાનું કામ શિક્ષકો દ્વારા કરાતું હતું. શિક્ષકો માત્ર વીડિયોના આધારે કોઈ વિદ્યાર્થી ગેરરીતિ કરે છે કે નહીં તે જ જોતા હતા, પરંતુ વીડિયોમાં કોઈ કટ કે એડિટ થયું છે કે નહીં તે ટેકનિકલ ભાગ તેઓ ચેક કરતા ન હતા, પરંતુ હવે સ્કૂલે આપેલી સીડીના આધારે જ દરેક જિલ્લા શિક્ષણાધિકારીએ સર્ટિફિકેટ પણ આપવાનું રહેશે કે, સીડીમાં કોઈ છેડછાડ થઈ નથી.સામાન્ય રીતે સ્કૂલોમાં લગાવાયેલા સીસીટીવી મોનિટરિંગ સ્કૂલના પ્રિન્સિપાલની સાથે માલિક પાસે પણ હોય છે, પરંતુ બોર્ડની પરીક્ષા પહેલાં દરેક સ્કૂલ સંચાલકોને સૂચના આપવામાં આવી છે કે, બોર્ડની પરીક્ષા દરમિયાન સીસીટીવીના એક્સેસ માત્ર સ્કૂલના સ્ટાફ અને સરકારી પ્રતિનિધિ પાસે જ હોવા જોઈએ. ઉપરાંત પરીક્ષા દરમિયાન સીસીટીવી સિવાય અન્ય કોઈ પણ જગ્યા પર ઈન્ટરનેટ કનેક્શન ચાલુ રખાશે નહીં, જેથી પેપર સરક્યુલેટ થઈ શકશે નહીં. આ મુદ્દે તમામ સ્કૂલોને સૂચના આપવામાં આવી છે.બોર્ડે જાહેર કરેલી ગાઇડલાઇન મુજબ સ્કૂલના દરેક વર્ગખંડમાં સીસીટીવી હોવા ફરજિયાત છે, પરંતુ હવે આચાર્યની ઓફિસમાં પણ સીસીટીવી લગાવવા ફરજિયાત કરાયા છે.

જો આચાર્યની ઓફિસમાં સીસીટીવી નહીં હોય તો પણ સ્કૂલ સામે પગલાં લેવાશે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.17/2/2025 MONDAY


# કોર્પોરેશનની ૧૦૦૦ની સબસિડી છતા સાયકલનું વેચાણ ઘટ્યું

## રાજકોટમાં કોરોનાકાળના ત્રણ વર્ષ બાદ વેચાણમાં ૬૦ ટકાનો ઘટાડો, મનપાએ ૫ વર્ષમાં ૧૧,૮૬૦ અરજી મંજૂર કરી

રાજકોટ:રાજકોટમાં કોરોનાકાળના સમયમાં લોકો સાયકલ ચલાવતા થાય તે માટે મનપા દ્વારા સાયકલની ખરીદી પર ૧૦૦૦ રૂપિયાની સબસિડી આપવાનો પ્રારંભ કરાયો હતો. જેનો મોટી સંખ્યામાં લોકો લાભ લેતા હતા. પરંતુ, ગયા વર્ષની વાત કરીએ તો, કોરોનાકાળની સરખામણીએ ૬૦ ટકાનો ઘટાડો થયો છે. ૧૦૦૦ની સબસિડી મળતી હોવા છતાં સબસિડી સાથે સાયકલની ખરીદીમાં ઘટાડો થયો હોવાનું સામે આવ્યું છે. વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ સાયકલનું વેંચાણ ૩૪૧૪ પર પહોંચ્યું હતું. જોકે કોરોના હળવો થયા બાદ એટલે કે, ૨૦૨૩-૨૪માં માત્ર ૧૩૪૦ સાયકલોનું વેંચાણ થયું હોવાનું સામે આવ્યું છે.

રાજકોટ મનપા દ્વારા શહેરીજનો આરોગ્યની સાથોસાથ પર્યાવરણ માટે જાગૃત થાય તે માટે ૨૦૧૯થી સાયકલની ખરીદી પર રૂ. ૧૦૦૦ સબસિડી આપવાની શરૂઆત થઈ હતી. આ માટે વર્ષ ૨૦૧૯થી ૨૦૨૪ સુધીમાં કોર્પોરેશન તંત્રને મળેલી અરજીઓમાંથી ૧૧,૮૬૦ અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. જેની કુલ રૂપિયા ૧,૧૮,૬૦,૦૦૦ની સબસિડી ચુકવવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા ૨૦૧૯-૨૦માં જ્યારે પ્રોજેક્ટની શરૂઆત થઈ ત્યારે આ પ્રોજેક્ટ મેન્યુઅલી ચાલતો હતો. મતલબલ કે દરેક વોર્ડ ઓફિસમાં સાયકલ સબસિડીના ફોર્મ ભરવા પડતા હતા. અને અરજદારને લાંબા સમયે સબસિડી મળતી હતી.




જોકે આ પ્રોજેક્ટની સફળતા અને રાજકોટવાસીઓનો સાયકલ માટે વધતો ક્રેઝ જોતા આ પ્રોજેક્ટ ઓનલાઈન શરૂ કરી દેવાયો હતો. સાથોસાથ અરજદાર જે સ્થળેથી સાયકલ ખરીદે તે સ્ટોરના સંચાલક દ્વારા જ ઓનલાઈન ફોર્મ ભરી આપવાની સુવિધા પણ શરૂ કરવામાં આવી છે. ફોર્મ ભરવા અને સબસિડી બેંક એકાઉન્ટમાં જમા થવા સુધીની સુવિધા સરળ બનતાં સાયકલ ખરીદવા માંગતા લોકોની સરળતા વધી છે. ઘણાં કિસ્સામાં સબસિડીની રકમ મેળવવા માટે અપાયેલી બેંક એકાઉન્ટની વિગતોમાં વિસંગતતા હોય તો આવા કિસ્સામાં લાભાર્થીને રૂબરૂ બોલાવી સબસિડી માટેનો ચેક આપવામાં આવે છે.

મોટાભાગના શહેરીજનો માને છે કે, મહાનગરપાલિકા સામાન્ય સાયકલ પર સબસિડી આપે છે. પણ હકીકતે એવું નથી. મહાનગરપાલિકા દ્વારા રૂ. ૩ હજારથી માંડીને ૧ લાખ કે તેનાથી વધુ રકમની સાયકલની ખરીદી પર રૂ. ૧,૦૦૦ની મર્યાદામાં સબસિડી આપવામાં આવી રહી છે. જોકે રૂ. ૫૦,૦૦૦ કે તેથી વધુ રકમની ગિયર સાયકલ કે રેસિંગ સાયકલ ખરીદનારા લોકો ૧૦૦૦ સબસિડી માટે સામાન્ય રીતે મહાનગરપાલિકામાં અરજી કરતા નથી. પરંતુ ૨૦૧૯ પછીના આંકડાઓ જોતા ૨૦૨૦-૨૧થી લઈ ૨૦૨૪ સુધીમાં સાયકલ વેચાણમાં મોટો વધારો થયો હતો. જેની સામે છેલ્લા વર્ષમાં ૬૦%નો ઘટાડો નોંધાયો છે.

જેમાં રાજકોટનાં સાયકલ પ્રેમીએ જણાવ્યું કે, હું જુદી-જુદી બે સાયકલ ક્લબ સાથે જોડાયેલો છું એકનું નામ રાજકોટ સાયકલ ક્લબ અને બીજાનું નામ છે રાજકોટ રાઈડર્સ જેને લોકો ક્લબથી ઓળખે છે. સાયકલનું વેંચાણ ઘટવાના મુખ્ય બે કારણો હોઈ શકે છે. જેમાં ઘણીવાર લોકો સાયકલ માટે મળતી સબસીડી માટે અરજી નહીં કરતા હોવાથી કોર્પોરેશનનાં ચોપડે વેંચાણ ઘટ્યું હોવાનું બની શકે છે. આ સિવાય કોરોના સમયે લોકો સ્વાસ્થ્ય પ્રત્યે જેટલા જાગૃત હતા તેટલા હાલમાં રહ્યા નથી. જેને કારણે પણ સાયકલનાં ઉપયોગમાં ઘટાડો થયો હોવાનું નકારી શકાય તેમ નથી. સાયકલનો વપરાશ વધારવો સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. ત્યારે સાયકલનો ઉપયોગ વધારવા આસપાસનાં કોઈ સ્થળે નાની-મોટી વસ્તુઓ લેવા જવા માટે કે ઓફિસમાં આવવા-જવા માટે સાયકલનો વપરાશ કરવો જોઈએ. આમ ન થાય તો લોકોએ દિવસમાં એકાદ કામ કરવા માટે સાયકલ વાપરવી જોઈએ.

# ગુજરાતમાં એક મહિનામાં ૧૫ દર્દીઓ સ્વાઈન ફ્લૂની ઝપેટમાં




ગુજરાતમાં છેલ્લા એક મહિનામાં સ્વાઈન ફ્લૂના નવા ૧૫ કેસ સામે આવ્યા છે, સારવાર બાદ આ દર્દીઓ સાજા થતાં હોસ્પિટલેથી રજા આપવામાં આવી છે, એક પણ દર્દીનું મોત થયું નથી, જે રાહતની વાત છે. એકંદરે અત્યારે સ્વાઈન ફ્લૂના કેસનું પ્રમાણ ઘટ્યું છે. બીજી તરફ અમદાવાદની સિવિલ અને સોલા સિવિલમાં પણ આવા કેસનું પ્રમાણ નહિવત છે, સોલા સિવિલમાં શંકાસ્પદ કેસ નોંધાઈ રહ્યા છે, જેમાં મોટા ભાગના દર્દીઓના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે.ગુજરાતમાં કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં એચ૧એન૧ એટલે કે સ્વાઈન ફ્લૂના કુલ ૧,૭૧૧ કેસ અને ૫૫ દર્દીનાં મોત નોંધાયા છે. આ અગાઉ વર્ષ ૨૦૨૩માં ૨૧૨ કેસ અને ત્રણ દર્દીનાં મોત થયાં હતા. વર્ષ ૨૦૨૨માં ૨,૧૭૪ કેસ સાથે ૭૧ મોત, વર્ષ ૨૦૨૧માં ૩૩ કેસ સાથે ૨ મોત, વર્ષ ૨૦૨૦માં ૫૫ કેસ સાથે બે મોત, વર્ષ ૨૦૧૯માં ૪,૮૪૪ કેસ સાથે ૧૫૧ મોત અને વર્ષ ૨૦૧૮માં ૨,૧૬૪ કેસ સાથે ૯૭ દર્દીઓનાં મોત નોંધાયા હતા. તબીબોનું કહેવું છે કે, જેમની રોગપ્રતિકારક શક્તિ ઓછી છે તેવા દર્દીઓ સ્વાઈન ફ્લૂની ઝપટે જલદી આવે છે.

# ગુજરાતમાં તાપમાનનો પારો ઉચકાયો

# તાપમાન બેથી ૩ ડિગ્રી વધતા ગરમી વધી

અમદાવાદ:ફેબ્રુઆરી મહિનાની શરૂઆતથી જ ગુજરાતમાં તાપમાન વધી રહ્યું છે. સતત તાપમાનમાં વધારો થવાથી ગરમીનું પ્રમાણ પણ વધ્યું છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના મોટાભાગના જિલ્લાઓનું લઘુત્તમ તાપમાન બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ સુધી વધતા ગરમીનું પ્રમાણ વધ્યું છે. તથા મહત્તમ તાપમાન પણ કેટલા જિલ્લાઓમાં ૩૫ ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યું છે. ત્યારે હવામાન વિભાગની આગાહી મુજબ, હજુ પણ આગામી પાંચ દિવસ વાતાવરણ યથાવત્ રહેવાની શક્યતાઓ છે. હાલ તાપમાનમાં ઘટાડાની શક્યતાઓ નહિવત છે, તેથી ગુજરાતવાસીઓએ ગરમીનો અનુભવ કરવો પડશે.



છેલ્લા ૨૪ કલાક દરમિયાન સૌથી ઓછું લઘુત્તમ તાપમાન નલિયામાં ૧૫.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગુજરાત ઉપર હાલમાં ઉત્તર પશ્ચિમ અને ઉત્તર દિશા તરફથી પવનો આવી રહ્યા છે, જેને કારણે રાજસ્થાન તરફના મેદાની પ્રદેશની ગરમ હવા ગુજરાત તરફ આવી રહી છે, જેને કારણે તાપમાન સતત વધી રહ્યું છે. આ ઉપરાંત ગતરોજ રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં ૩૫.૭ ડિગ્રી સેલ્સ નોંધાવ્યું હતું.

અમદાવાદમાં ૨૪ કલાકમાં લઘુતમ તાપમાનમાં ૩.૫ ડિગ્રીનો વધારો થયો હતો. ગતરોજ અમદાવાદનું લઘુત્તમ તાપમાન ૧૯.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તથા અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૩૪.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તદુપરાંત વડોદરાનું લઘુત્તમ તાપમાન ૧૮.૨ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ, રાજકોટનું લઘુત્તમ તાપમાન ૧૮.૬ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૫.૭ ડિગ્રી સેલ્સિયસ તો સુરતનું લઘુત્તમ તાપમાન ૧૮.૧ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.



# મધ્યાહન ભોજન માટે હવે દરેક શાળામાં કિચન નહીં, પણ દરેક તાલુકે એક સેન્ટ્રલ કિચન કરાશે

## ગુજરાતમાં અત્યારે દરેક શાળામાં મધ્યાહન ભોજન માટે શેડ, રસોડું અને ગેસ કનેકશન હોવા છતાં ખાનગી એજન્સીને કામ સોંપાશેઃ સેન્ટ્રલ કિચન યોજનાથી ૬૮ હજાર વિધવા સહિત ૮૭ હજારની નોકરી પર લટકતી તલવારઃ કેન્દ્ર સરકારે આ યોજના જે રાજ્યમાં રસોડા નથી ત્યાં લાગુ કરવાનું કહ્યું, છતાં ગુજરાતમાં લાગુ કરવા તૈયારી શરૂ કરાઈ

ગાંધીનગર :રાજ્યમાં ૧૯૮૪થી ચાલતી મધ્યાહન ભોજન યોજના અત્યારે નવા નામ સાથે પી.એમ.પોષણ શકિત યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાંકીય બજેટમાં રાજ્ય સરકાર મોટો ફેરફાર લાવી રહી હોવાનું બહાર આવ્યું છે. રાજ્યમાં કુલ ૩૩ હજાર પ્રાથમિક શાળાઓ પૈકી ૯ મહાનગરરોમાં ખાનગી સંસ્થાઓને મધ્યાહન ભોજન યોજના ચલાવવા આપ્યા પછી સરકાર હવે સેન્ટ્રલ કિચન યોજનાના નામે દરેક તાલુકામાં એક સેન્ટ્રલ કિચન યોજના લાગુ કરવા જઇ રહીં છે. આ નિર્ણયથી ૬૮ હજાર વિધવા મધ્યાહન ભોજન સંચાલક સહિત ૮૭ હજાર કર્મચારીઓની નોકરી પર લટકતી તલવાર છે.

જો કે,આનો વિરોધ ગુજરાત રાજ્ય પી.એમ.પોષણ શકિત નિર્માણ મધ્યાહન યોજના કર્મચારી સંઘ દ્વારા કરવામાં આવ્યો છે, પણ કેટલું સરકાર સાંભળશે તે પ્રશ્ન છે.સેન્ટ્રલ કિચન યોજના આમ તો કેન્દ્ર સરકારની છે અને કેન્દ્ર સરકારે તેનો અમલ કરવાની તાકિદ કરી છે. આ સાથે કેન્દ્ર સરકારે સ્પષ્ટતા પણ કરી છે કે,સેન્ટ્રલ કિચન યોજના તેવા રાજ્યોને જ લાગુ પડશે જ્યાં રસોડા બનાવવામાં આવ્યા નથી. કેન્દ્ર સરકારનો મૂળહેતુ જે રાજ્યોમાં રસોડા બનાવ્ય નથી તેવા રાજ્યોમાં ખાનગી એજન્સી મારફત મધ્યાહન ભોજન યોજના પુરું પાડવું તે માટે છે.

ગુજરાતમાં કુલ ૩૩ હજાર શાળાઓ પૈકી અત્યારે ૨૯ હજાર શાળાઓમાં મધ્યાહન ભોજન રાંધવામાં આવે છે. આ માટે મધ્યાહન ભોજન સંચાલક,રસોયા અને હેલ્પર એમ ત્રણ વ્યકિતનો સ્ટાફ પણ છે.આમછતા રાજ્ય સરકારે દ્વારા ગત વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં રૂ. એક કરોડ જેટલી રકમ ફાળવીને ૨૬ તાલુકા આઈડેન્ટિફાય કરવામા આવ્યા હતા. આ ૨૬ તાલુકામાં કેન્દ્રિય કિચન યોજના લાગુ કરવામાં આવી હતી. આ યોજનામાં ખાનગી સંસ્થાઓ એક કિચન પર રસોઈ બનાવે છે અને પછી તાલુકામાં સમાવિષ્ટ શાળાઓમાં મધ્યાહન ભોજન વાહન દ્વારા પુરુ પાડે છે.

હવે આ યોજનાને આગળ વધારતા રાજ્ય સરકાર વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં ૨૪૮ તાલુકામાં સેન્ટ્રલ કિચન કરવા જઇ રહીં હોવાનું શૈક્ષણિક સુત્રોનું કહેવું છે. જેના પરિણામે દરેક તાલુકામાં સેન્ટ્રલ કિચન થશે એટલે શાળાઓમાં ચાલતા રસોડાઓ બંધ થશે. રસોડાઓ બંધ થશે એટલે સ્વાભાવિકરીતે તેમાં કાર્ય કરતા ૩ કર્મચારીઓ બેરોજગાર થશે. આ કર્મચારીઓને બદલે હવે ખાનગી સંસ્થાઓ શાળાઓમાં સીધું તૈયાર કરાયેલું ભોજન આપશે.

### રાજ્ય સરકાર સેન્ટ્રલ કિચનની યોજના આગામી બજેટમાં જાહેરાત કરી શકે છે

સેન્ટ્રલ કિચન યોજનાનો અમલ બજેટમાં કરવાની ગતિવિધિ હાથ ધરાઈ છે. અગાઉ પ્રાથમિક તબક્કે ૨૬ તાલુકામાં યોજના મુકવામાં આવી હતી, ખાસ કરીને આદિજાતિ વિસ્તારના તાલુકામાં અમલ કર્યો હતો. વડોદરા, વાઘોડિયામાં સેન્ટ્રલ કિચન યોજના અમલમાં આવતા કર્મચારીઓને છૂટ્ટા કરવામાં આવ્યા હતા. આ મામલો કોર્ટમાં પડકારાઈ શકાય છે.

રાજ્યમાં ચાલતી મધ્યાહન ભોજન યોજનાનું ૧૬૦૦ કરોડનું બજેટ છે. ઉપરાંત મુખ્યમંત્રી અલ્પાહાર યોજનાનું રૂ. ૬૦૦ કરોડનું બજેટ છે. દૂધ સંજીવની યોજના હેઠળ દૂધ અપાય છે, અઠવાડિયામાં એક વખત બાળકોને સુખડી અપાય છે. આ બંન્ને યોજના કુપોષણ દૂર કરવા માટે છે. ખાનગી એજન્સીઓને યોજના પધરાવી દેવામાં આવે એટલે ૮૭ હજાર કર્મચારીઓ બેરોજગાર બને તેવી સ્થિતિ સર્જાઇ શકે છે.હાલ દરેક શાળામાં રસોડું, રસોઈના સાધનો સહિત ૩ કર્મચારીઓની નિમણુંક પણ કરાઈ છેમધ્યાહન ભોજન માટે શાળાઓમાં રસોડું હોય છે. રસોઈના સાધાનો વસાવ્યા છે. ગેસ કનેકશન લીધુ છે. જેના માટે ૪૫૦૦ના પગારદારે એક સંચાલન. રૂ. ૩૭૫૦નો પગારે રસોઈયો અને ૧૫૦૦ના પગારે એક હેલ્પર રાખવામાં આવે છે. અત્યારે ૮૭ હજાર કર્મચારી પૈકી ૬૮ હજાર વિધવા બહેનોની નોકરી જશે તેવો ભય વ્યક્ત કરાઈ રહ્યો છે.રાજ્યમાં ૧૯૮૪થી ચાલતી મધ્યાહન ભોજન યોજના અત્યારે નવા નામ સાથે પી.એમ.પોષણ શકિત યોજનામાં વર્ષ ૨૦૨૫-૨૬ના નાણાંકીય બજેટમાં રાજ્ય સરકાર મોટો ફેરફાર લાવી રહી હોવાનું બહાર આવ્યું છે. રાજ્યમાં કુલ ૩૩ હજાર પ્રાથમિક શાળાઓ પૈકી ૯ મહાનગરરોમાં ખાનગી સંસ્થાઓને મધ્યાહન ભોજન યોજના ચલાવવા આપ્યા પછી સરકાર હવે સેન્ટ્રલ કિચન યોજનાના નામે દરેક તાલુકામાં એક સેન્ટ્રલ કિચન યોજના લાગુ કરવા જઇ રહીં છે.

# બજેટમાં ક્રિકેટ સ્ટેડિયમને ભાડે આપવાના નિર્ણયનો વિરોધ

## રેસકોર્સ સ્ટેડિયમથી આવકના નવા સ્ત્રોત ઉભા કરવાના નિર્ણયથી પીચને નુકસાન થવાની શક્યતા; વિપક્ષ સામાન્ય સભામાં હોબાળો કરે તેવી શક્યતા





રાજકોટ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા બજેટમાંથી કરબોજ દૂર કરવા આવકના નવા સ્તોત્ર રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં રેસકોર્સનાં વર્ષો જુના માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમને ક્રિકેટ સિવાયના હેતુઓ માટે કોમર્શિયલી ભાડે આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જોકે નિર્ણયનાં કારણે મેરેજ ફંક્શન, મ્યુઝિકલ ઈવેન્ટ અને અર્વાચીન રસોત્સવ જેવા કાર્યક્રમો માટે સ્ટેડિયમ ભાડે આપવાથી પીચ અને પેવેલીયનને મોટું નુકસાન થવાની દહેશત કોંગ્રેસે વ્યક્ત કરી છે અને આ નિર્ણય તાત્કાલિક રદ કરવા માગ ઉઠાવી છે. આગામી બુધવારે યોજાનાર જનરલ બોર્ડમાં પણ વિપક્ષ દ્વારા આ મામલે હોબાળો કરવામાં આવશે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીનાં જણાવ્યા મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નાં મંજુર બજેટમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખર્ચ બોજને પહોંચી વળવા માટે આવકના નવા સ્ત્રોતો ઉભા કરવા માટે તેમજ મનપાને આત્મનિર્ભર બનાવવા માટે માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ કોમર્શિયલ હેતુ માટે ભાડે આપવા નિર્ણય કરવામાં આવ્યો છે. રેસકોર્સનાં માધવરાવ સિંધિયા ક્રિકેટ મેદાન અધ્યતન બનાવવાનું કામ હાલ ચાલી રહ્યું છે. તો બીજી તરફ સ્ટેડિયમને ક્રિકેટ સિવાય અન્ય રમતગમત ટુર્નામેન્ટ યોજવા ઉપરાંત લગ્ન સમારંભ, દાંડિયારાસ, મ્યુઝિકલ નાઈટ, નવરાત્રિમાં રસોત્સવ જેવા જુદા-જુદા કોમર્શિયલ હેતુ માટે ભાડે આપવાનો નિર્ણય લેવાયો છે.

માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમ કોમર્શિયલ હેતુઓ માટે ભાડે આપીને અંદાજે રૂ. ૧ કરોડની કમાણી કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યું છે. જોકે આવા કોમર્શિયલ હેતુ માટે સ્ટેડિયમ ભાડે આપવાથી આવક કરતા વધારે નુકસાની થવાની શક્યતા વિચારવામાં આવી નથી. આ ગ્રાઉન્ડ ફક્ત ક્રિકેટના હેતુ માટે બનાવાયું છે ત્યારે જો આ ગ્રાઉન્ડમાં અન્ય સમારંભો થાય તો ક્રિકેટની પીચ, ગ્રાઉન્ડ, પેવેલિયનમાં મંડપ કે અન્ય માંચડાઓ ફિટ થશે. જેને પગકે ગ્રાઉન્ડમાં ખાડાઓના પગલે ખેલાડીઓને ઈજા થવાની અને ગ્રાઉન્ડમાં નુકસાની થવાની શક્યતા છે. ત્યારે આ નિર્ણય તાત્કાલિક રદ કરવો જરૂરી છે.

ઉલ્લેખનીય છે કે, સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજુર કરવામાં આવેલા બજેટ અંગે આગામી ૧૯ ફેબ્રુઆરીને બુધવારે મળનાર જનરલ બોર્ડની બેઠકમાં ચર્ચા કરવામાં આવનાર છે. ત્યારે કોંગ્રેસનાં ચારેય કોર્પોરેટરો દ્વારા માધવરાવ સિંધિયા ક્રિકેટ સ્ટેડિયમને ક્રિકેટ સિવાયના હેતુઓ માટે ભાડે આપવાના નિર્ણયનો વિરોધ કરવામાં આવશે. જેને કારણે શાસક પક્ષ અને વિપક્ષનાં નગરસેવકોની વચ્ચે આ મામલે ઘર્ષણ થવાની પણ પૂરતી શક્યતા છે. આ સિવાય પણ આ બજેટમાંથી આજી રિવરફ્રન્ટ દૂર કરવા સહિતનાં નિર્ણયોને લઈને જનરલ બોર્ડમાં તડાફડી બોલે તેવી પૂરતી શક્યતા છે.

# કરોડોના કૌભાંડી BZ ગ્રૂપના ભૂપેન્દ્રસિંહ ઝાલાને જામીન આપવા હાઈકોર્ટનો ઈન્કાર



રાજકોટઃ BZગ્રુપ કંપનીના ઓઠા હેઠળ નિર્દોષ પ્રજાજનોના કરોડો રૂપિયા ચાંઉ કરી જનાર ભૂપેન્દ્રસિંહ ઝાલાને ચાર્જશીટ પહેલાં રેગ્યુલર જામીન આપવાનો ગુજરાત હાઈકોર્ટે સાફ ઇન્કાર કરી દીધો હતો. જસ્ટિસ એમ.આર.મેંગડેએ આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની જામીન અરજી ફગાવી દેવાનું આકરું વલણ અપનાવતાં ઝાલાને પોતાની જામીન અરજી પાછી ખેંચી લેવાની ફરજ પડી હતી. હાઈકોર્ટે આરોપી દ્વારા નિર્દોષ નાગરિકોને છેતરીને કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવાના ગુનાની ગંભીરતા ધ્યાને લઇ તેને જામીન આપવાનો ઇન્કાર કર્યો હતો.

BZ ગ્રુપના મહાકૌભાંડી આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની રેગ્યુલર જામીન અરજીનો સખ્ત વિરોધ કરતાં રાજ્ય સરકાર તરફથી પબ્લીક પ્રોસીક્યુટર હાર્દિક દવેએ જણાવ્યું હતું કે, આરોપીએ BZ ગ્રુપ અને તેની સાથે જોડાયેલી અન્ય સંસ્થાઓ મારફતે પોન્ઝી સ્કીમ ચલાવી ઉંચા વ્યાજની લોકોને લાલચ આપી ભોળવી તેમની પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું અને બાદમાં તેઓને મૂડી કે વ્યાજ પણ નહીં આપીને રાતા પાણીએ રોવડાવ્યા હતા.

આરોપીનો ઇરાદો પહેલેથી જ ફ્રોડ કરવાનો એટલે કે, લોકો સાથે ચીટીંગ અને છેતરપીંડી-વિશ્વાસઘાત કરવાનો હતો અને તેણે બહુ પદ્ધતિસરનુ આ કૌભાંડ આચર્યું હતું અને તેથી તેને કોઇપણ સંજોગોમાં જામીન આપી શકાય નહીં.દરમિયાન BZ ગ્રુપ કંપનીના ઓઠા હેઠળ નિર્દોષ પ્રજાજનોના કરોડો રૂપિયા ચાંઉ કરી જનાર ભૂપેન્દ્રસિંહ ઝાલાને વધુ એક ગુનામાં રેગ્યુલર જામીન આપવાનો અમદાવાદ ગ્રામ્ય કોર્ટે સાફ ઇન્કાર કરી દીધો હતો. કોર્ટે આરોપી ભૂપેન્દ્ર ઝાલાની જામીન અરજી આકરા વલણ સાથે ફગાવી દીધી હતી.

# ડોલર સામે રુપિયો નબળો થતાં વિદેશ પ્રવાસ મોંઘા, અમેરિકા માટે ૨૦ હજાર વધુ ખર્ચવા પડશે



ઉનાળાના વેકેશન દરમિયાન અમેરિકા ફરવા જવાનું આયોજન કરી રહ્યા હોવ તો ગયા વર્ષની સરખામણીએ રૂપિયા ૨૦ હજાર જેટલા વધુ ખર્ચ કરવા પડી શકે છે. વાત એમ છે કે, ડોલર સામે રૂપિયાનો ભાવ ગગડીને ૮૬.૬૭ થઇ જતાં અમેરિકાનો પ્રવાસ મોંઘો થઇ ગયો છે.

છેલ્લા ૫ વર્ષમાં ડોલર સામે રૂપિયાનો ભાવ ૧૫ રૂપિયા ૧૬ પૈસા વધ્યો ઉનાળાના વેકેશનમાં વિદેશ ફરવા જવાનું હોય તો સામાન્ય રીતે લોકો જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં તેના બૂકિંગ કરાવતા હોય છે. આ વખતે પણ વિદેશ પ્રવાસ માટે ઇન્કવાયરી-બૂકિંગનો પ્રારંભ થઇ ગયો છે. પરંતુ પેકેજ ગયા વર્ષની સરખામણીએ વધી ગયું છે. ગયા વર્ષની સરખામણીએ અમેરિકા માટે રૂપિયા ૧૫થી ૨૦ હજાર, યુરોપિયન દેશ માટે રૂપિયા ૧૦ થી ૧૫ હજાર, દુબઇ-સિંગાપોર માટે રૂપિયા ૫થી ૭ હજાર વધારે ખર્ચવા પડશે. હાલ અમેરિકાનું પેકેજ રૂપિયા ૩.૫૦ લાખથી રૂપિયા ૭ લાખ, યુરોપનું પેકેજ રૂપિયા ૩ લાખથી રૂપિયા ૬ લાખ, દુબઇનું પેકેજ રૂપિયા ૧ લાખથી રૂપિયા ૧.૨૫ લાખ,જ્યારે સિંગાપોરનું પેકેજ રૂપિયા ૧.૨૫ લાખ આસપાસ હોય છે.

પાંચ વર્ષ અગાઉ ફેબ્રુઆરી ૨૦૨૦માં ડોલર સામે રૂપિયાનો ભાવ ૭૧.૫૧ હતો. પાંચ વર્ષમાં ડોલર સામે રૂપિયાનો ભાવ ૧૫ રૂપિયા ૧૬ પૈસા વધી ગયો છે. ગયા વર્ષે ૧૫મી ફેબ્રુઆરીના ડોલર સામે રૂપિયાનો ભાવ ૮૩.૦૧ હતો.

ડોલર સામે રૂપિયાનો ભાવ ગગડતાં પ્રવાસીઓની સંખ્યા પર અસર પડશે કે કેમ તે અંગે ટૂરિઝમ ડેવલપમેન્ટ સોસાયટીના ચેરમેન મનીષ શર્માએ જણાવ્યું કે, 'ગયા વર્ષની સરખામણીએ પેકેજમાં વધારો છતાં ગુજરાતથી વિદેશ પ્રવાસે જતાં પ્રવાસીઓની સંખ્યામાં ઘટાડાની સંભાવના નહિવત્? છે. ડોલરના ભાવમાં સતત ફેરફારને પગલે ટૂર ઓપરેટરોએ હવે વિદેશ જવા માગતો પ્રવાસી જ્યારે ફૂલ પેમેન્ટ કરે ત્યારે જે ડોલરનો ભાવ હોય તે પ્રમાણે પેકેજના રેટ ગણવાનું શરૂ કર્યું છે.

# એક્સટર્નલના વિદ્યાર્થીઓને પાસ થવાની છેલ્લી તક

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૦થી ૨૦૧૮માં એક્સટર્નલ પરીક્ષામાં નાપાસ થયેલાં વિદ્યાર્થીઓ કાલથી ૨૮મી સુધી પરીક્ષા ફોર્મ ભરી શકશે



રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા રેગ્યુલર વિદ્યાર્થીઓની જેમ હવે એક્સટર્નલમાં અભ્યાસ કરતા અને વર્ષ ૨૦૧૦થી ૨૦૧૮ સુધીમાં કોઈપણ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ થવા માટેની છેલ્લી તક આપવાનું જાહેર કરાયું છે. યુનિવર્સિટીમાં એક્સટર્નલમાં બી.એ તથા બી.કોમ સેમેસ્ટર-૧થી ૬ તેમજ એમ.એ(ઓલ) તથા એમ.કોમ સેમેસ્ટર-૧થી ૪માં અગાઉ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને પાસ થવા માટેની પરીક્ષા સંભવતઃ માર્ચ માસમાં લેવામાં આવશે. જે માટેના પરીક્ષા ફોર્મ ૧૬ ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી વિદ્યાર્થીઓ ભરી શકશે. જોકે, આ પરીક્ષા સંભવત રાજકોટના પરીક્ષા કેન્દ્રો પર યોજાશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આગામી માર્ચ-૨૦૨૫માં લેવાનાર બી.એ તથા બી.કોમ સેમેસ્ટર-૧થી ૬ તેમજ એમ.એ(ઓલ) તથા એમ.કોમ સેમેસ્ટર-૧થી ૪ રીપીટરની વર્ષ ૨૦૧૦થી ૨૦૧૮ના વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મની તારીખ જાહેર કરવામાં આવી છે. જેમાં વિદ્યાર્થીઓ ૧૬ ફેબ્રુઆરીથી ૨૮મી ફેબ્રુઆરી સુધી ફોર્મ ભરી શકશે. બી.એ. અને બી.કોમ.માં વિદ્યાર્થી દીઠ પરીક્ષા ફી રૂ. ૪૮૫ રાખવામાં આવે છે તો એમ.એ(ઓલ) તથા એમ.કોમમાં વિદ્યાર્થી દીઠ પરીક્ષા ફી રૂ. ૮૫૦ રહેશે. બાહ્ય વિદ્યાર્થીએ તા.૨૮ ફેબ્રુઆરી સુધીમાં તેમના લોગઈનમાંથી ઓનલાઈન પરીક્ષા ફોર્મ અને નિયત ફી ભરવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી. જે વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૦-૨૦૧૫માં યુ.જી. અને પી.જી. સેમેસ્ટરમાં રજીસ્ટ્રેશન કરેલ હોય તેઓએ પરીક્ષા વિભાગ બારી નં.૪ પર રૂબરૂ તમામ માર્કશીટ તથા અરજી લઈ આવવાનું રહેશે. જે વિદ્યાર્થીઓના યુ.જી. વર્ષ ૨૦૧૬-૨૦૧૮માં રજીસ્ટ્રેશન કરેલું હોય તેઓને યુ.જી. અને પી.જી. કક્ષામાં થયેલ હોય તેઓએ વેબસાઈટ પરથી ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. ફોર્મ ભરનાર તમામ વિદ્યાર્થીઓએ સંભવિત પરીક્ષા રાજકોટ સેન્ટર પર આપવા આવવાની રહેશે.

# પ્રતિબંધિત પ્લાસ્ટિક વાપરતા વધુ ૩૬ વેપારીઓ દંડાયા

### જાહેરમાં ગંદકી કરનારા પાસેથી રૂ.૮૪૦૦નો વહીવટી ચાર્જ વસુલ



રાજકોટ,તા.૧૫

રાજકોટ મહાનગરપાલિકા વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા તા. ૧૩/૦૨/૨૦૨૫ થી ૧૪/૦૨/૨૦૨૫ એમ કુલ ૨ દિવસ દરમ્યાન ત્રણેય ઝોનમાંથી કુલ ૩૬ આસામીઓ પાસેથી ૨.૧૨૮ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટિકનું વેચાણ કરતા ૧૧ આસામીઓ પાસેથી ૦.૯૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૬૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૧ આસામીઓ પાસેથી ૦.૪૨૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૨૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગોપર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૪ આસામીઓ પાસેથી ૦.૭૮ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

# મવડીના બાપાસીતારામ ચોકમાં સીટી બસ ખાડામાં ઉતરી ગઇ

## પાણીની પાઈપલાઈનના કામ દરમ્યાન બનાવઃ મહામહેનતે ઈલે. બસ બહાર નીકળી



રાજકોટઃ શહેરના વોર્ડ નં.૧૨ના મવડી ચોકડી વિસ્તારમાં આજે પાઈપલાઈનના કામ દરમ્યાન એક ઈલે. સીટી બસ ફસાઈ ગઈ હતી. જે મહામહેનતે બહાર કાઢવામાં આવી હતી. બાપાસીતારામ ચોકમાં પાઈપલાઈન પાથરવાનું કામ ચાલી રહ્યું છે. તેના ખાડામાં બસનું ટાયર ઉતરી જતા મુસાફરો ઉતરી ગયા હતા. તે બાદ બસ રેઢી જોવા મળી હતી. મોડેથી આ બસને બહાર કાઢી રોડ પર લેવા કાર્યવાહી કરવામાં આવી હતી.

# કોઠારીયામાં ૧૫ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ બંધાશે

### વોર્ડ નં.૧૮ના વિશાળ વિસ્તારને સુવિધા આપવા અંતે ટેન્ડર પ્રસિધ્ધ દોઢ વર્ષમાં નવો હોલ ધમધમતો થશે



રાજકોટ તા. ૧૫

૨૦૧૫માં રાજકોટ મહાપાલિકામાં ભળેલા વોર્ડ નં.૧૮ના કોઠારીયા વિસ્તારમાં ૧૫ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ બનાવવા અંતે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. ચાલુ નાણાંકીય વર્ષમાં જ દરખાસ્ત મંજૂર કરી કામનો વર્કઓર્ડર આપવા તંત્રએ તૈયારી કરી છે.

મહાનગરપાલિકાની હદમાં ૧૦ વર્ષ પહેલા ભળેલા કોઠારિયા ગ્રામ પંચાયતના મોટાભાગના વિસ્તારોમાં રોડ-રસ્તા, ડ્રેનેજ સહિતની સુવિધાઓ માટે કોઠારીયાના વિસ્તારોમાં પીવાનું પાણી અને રોડ રસ્તા અનેક સુવિધાઓ આપવા ખર્ચ કરવામાં આવ્યા છે. બીજી તરફ આ વિસ્તારમાં રહેતા લોકોએ કોમ્યુનિટી હોલ બનાવવાની માંગણી કરી હતી.આથી સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં વધુ એક કોમ્યુનિટી હોલ બનાવવાનો નિર્ણય તંત્ર દ્વારા લેવામાં આવ્યો છે. જેના માટે વોર્ડ નં. ૧૮માં ટીપી સ્કીમ નંબર ૧૨ એફપી નંબર ૪૨-એ કોઠારિયાના મહાનગરપાલિકાના ખાલી પડેલા પ્લોટ ઉપર કોમ્યુનિટી હોલ બનાવવામાં ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. જેમાં એસ્ટીમેટ પ્રાઈઝ રૂા.૧૪.૯૧ કરોડ રાખવામાં આવેલ હોય ટેન્ડર બીડ થયા બાદ સ્ટેન્ડીંગની દરખાસ્ત અને વર્ક ઓર્ડરની કામગીરીમાં સંભવત એક માસ જેટલો સમય વીતી જશે.

ત્યાર બાદ વર્કઓર્ડર આપી કામ ચાલુ કરાવવામાં આવશે. ટેન્ડરની શરત મુજબ કોમ્યુનિટી હોલનું કામ એજન્સીએ ૧૮ માસમાં પુર્ણ કરવાનું રહેશે. કોઠારિયા વોર્ડ નં.૧૮માં રૂા. ૧૪.૯૧ કરોડના ખર્ચે કોમ્યુનિટી હોલ માટેની લોકોની વર્ષો જૂની માંગણીનો સ્વીકાર કરી હવે ટુંક સમયમાં અદ્યતન સુવિધાવાળો કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવશે.આ હોલ લગ્ન પ્રસંગો તેમજ અન્ય કાર્યક્રમો માટે મહાનગરપાલિકાએ નિયત કરેલા ભાડાથી પ્રજાજનોને આપવામાં આવશે. આ રીતે કોઠારીયાને ટુંક સમયમાં કોમ્યુનિટી હોલની ભેંટ મળશે.

# ઇ.ફાયર ઓફિસર પર ઠીકરૂ ફૂટયું; લેખિતમાં માફી માંગી : વિવાદના કુંભ ઓવરફલો!

## અમિત દવેએ કહ્યું કે, પ્રતિ કિ.મી. વાહનના ભાડાની માહિતી આપવામાં ભુલ થઇ : સૌએ સ્વીકાર પણ કરી લીધો : પ્રદેશ સુધી પડઘા : ગેમઝોન અગ્નિકાંડ બાદ ભાજપ નેતાઓ વચ્ચે વેલ્ડીંગ થતું જ નથી!

રાજકોટ, તા. ૧૫

રાજકોટના પ્રથમ નાગરિક અને મેયર નયનાબેન પેઢડીયા તાજેતરમાં પ્રયાગરાજ ખાતે મેયરની સત્તાવાર કારમાં કુંભ સ્નાન કરવા ગયા બાદ પાછળથી એકાએક ઉઠેલા વિવાદે રાજકોટ કમલમથી માંડી પ્રદેશ ભાજપ સુધી ઘેરા પડઘા પાડયા છે. આજે તો આ મુદ્દાને સામાજિક રંગ આપવા પણ પ્રયાસ થયો હતો.

તે દરમ્યાન મેયરે મામલો સંભાળીને વિવાદ પુરો કરવાની વાત કરી છે. પરંતુ શહેર અને મનપા ભાજપમાં કંઇ ઠીકઠાક નહીં હોવાની છાપ તાત્કાલીક ભુસાઇ તેમ નથી. મેયરે મહિલા ગરીમા, તેમની પાછળ માણસો મોકલવા, ભાડુ પ્રતિ રૂ.બે કિ.મી. હોવાની વાત સહિતની કરેલી વાતો પણ ઉપર સુધી પહોંચી છે. તે દરમ્યાન હાલ આ મામલે કોઇ નેતા કે પદાધિકારીઓનો નહીં પરંતુ તંત્રના પગારદાર અધિકારીનો જ વાંક નીકળતા આ રાજકીય વિવાદમાં અધિકારી ઉપર જ દોષનો ટોપલો ઢોળવામાં આવ્યો છે. ચીફ ફાયર ઓફિસરના વર્ગ-૧ના હોદ્દાનો હવાલો સંભાળતા વર્ગ-૩ના સ્ટેશન ઓફિસર અમિત દવે કામના આ બોજ અને અનેક પ્રકારની મુશ્કેલીના કારણે અગાઉ રાજીનામુ આપી ચૂકયા હતા. જે હજુ મંજૂર કરાયું નથી. તેવામાં પ્રતિ કિ.મી. રૂા. બેનું ભાડુ હોવાની વાત તેમણે શરતચૂકથી કર્યાની લેખિત માફી માંગ્યા જેવો પત્ર લખી નાખ્યો છે. આ રીતે હાલ તો મામલો ઓફિસ લેવલે પતાવવામાં આવ્યો છે.પરંતુ ભાજપમાં ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડ બાદ સરકારી કામગીરી સ્થગિત થવા, પદાધિકારીઓ વચ્ચે મતભેદો, એક વખત પદાધિકારીની ટીમ બદલવાની વાત, છેલ્લે સંગઠનમાં ફેરફારની પ્રક્રિયા વચ્ચે આ સમયમાં સત્તા અને સંગઠનના લોકો વચ્ચે ઉલ્ટાનું મતભેદોની ખાઇ વધુ ઉંડી ઉતરી ગયાનું ચિત્ર બહાર આવ્યું છે.

આ પુરા વિવાદ માટે એક રીતે ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેને જવાબદાર ઠરાવી દેવામાં આવ્યા છે. ગઇકાલે સાંજે આ અધિકારીએ સ્ટે.ચેરમેનને એક પત્ર લખ્યો છે. તેમાં તેઓએ જણાવ્યું છે કે તા.૧૦-૨ના સોમવારે સવારે ૧૧.૩૦ કલાકે સ્ટે.ચેરમેનનો તેમને ફોન આવ્યો હતો.

પદાધિકારીઓને હોદ્દાની રૂએ ફાળવવામાં આવતી કાર ગુજરાત રાજ્ય કે રાજ્યની બહાર અંગત કારણોસર વપરાશમાં લેવામાં આવે તેનો ચાર્જ પ્રતિ કિ.મી. કેટલા રૂપિયા લેખે લેવામાં આવે છે તે અંગે પુછપરછ કરી હતી. આથી તેમણે પ્રતિ કિ.મી. રૂા. બે લેખે ચાર્જ લેવામાં આવતો હોવાનું જણાવ્યું હતું.

આ બાદ ચેરમેને તેમને આ અંગે કોઇ ઠરાવ થયો હોય તો કેટલા સમય પહેલા થયો છે તેની માહિતી માંગી હતી. આ અંગેનો ઠરાવ આશરે દસ વર્ષ અગાઉ થયો હશે તેવી જાણ કરી હતી. પરંતુ આ અંગેના ઠરાવની ચકાસણી કરતા જુના ઠરાવ મુજબ હુકમ નંબર રા.મ્યુ.કો.એ.ડી.એમ.૨૮૦ તા. ૨૨/૦૬/૮૧ મુજબ પ્રતિ કિ.મી. રૂા. બે મુજબ નિયત થયેલ તેની નકલ આપી હતી. બાદ નવા ઠરાવ મુજબ હુકમ નં. રા.મ.ન.પા./હિસાબી/જા.નં.-૫૭૭ તા. ૨૫/૦૫/૨૦૨૨ના રોજ પ્રતિ કિ.મી. રૂા.૧૦ મુજબ નિયત થયેલ છે. તેની નકલ પણ આપી છે.

તા.૧૦/૨/૨૫ના રોજ સ્ટે.કમીટી ચેરમેનને ટેલીફોનિક જાણ કરી હતી પરંતુ ૨૦૨૨માં થયેલ હુકમ તેઓની જાણ બહાર હોવાથી શરતચુક રહી ગઇ હતી. ભવિષ્યમાં આવી કોઇ પણ પ્રકારની બેદરકારી ન થાય તેની તકેદારી રાખવાની બાંહેધરી પણ અધિકારીએ લેખિતમાં આપી છે.

## તેરા તુજકો અંતર્ગત ફ્રોડનો ભોગ બનનાર અરજદારને ૨.૬૧ લાખની રકમ પરત અપાવતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટઃહાલના સમયમા લોકો લોભ લાલચ અને ડરના કારણે અથવા ટેકનોલોજીની જાણકારીના અભાવે સાઇબર ક્રાઇમનો ભોગ બની રહયા છે ત્યારે ગાંધીગ્રામ પોલીસ વિસ્તારના લોકોને તેઓની અરજી કે ફરીયાદમા તુરંત કાર્યવાહી કરી તેઓના સાયબર ફ્રોડમા ગયેલા નાણા પરત અપાવવા માટે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા અને ડીસીપી જગદીશ બાંગરવા તેમજ એસીપી રાધીકા ભારાઇએ સુચના આપી છે.

આ ઘટનાના અનુસંધાને ગાંધીગ્રામ પોલીસ એસ. આર. મેઘાણીના માર્ગદર્શન હેઠળ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના સાયબર સ્કવોડ દ્વારા અરજીના તપાસ કામે સાયબર ફ્રોડમા ભોગ બનેલા લોકોના નાણા કોર્ટ કાર્યવાહી તેમજ બેંક ગેટવે દ્વારા પરત કરાવવાની કામગીરી કરી હતી. હાલ ગાંધીગ્રામ વિસ્તારના અરજદારો સાથે અલગ અલગ રીતે બનેલી



સાયબર ફ્રોડના બનાવો સાયબર સ્કવોડ દ્વારા ૨.૬૧ લાખ રૂપીયા અરજદારોને અપાવ્યા હતા આ કામગીરી ગાંધીગ્રામ પીઆઇ એસ. આર. મેઘાણીની રાહબરીમા પીએસઆઇ એસ. એલ. ગોહીલ, કોન્સ્ટેબલ હરેશભાઇ ગોહીલ અને કોન્સ્ટેબલ રાવતભાઇ મકવાણાએ કરી હતી. આ ફ્રોડમા મોટાભાગે મોબાઇલ પર ખોટા ક્રેડીટ ટ્રાન્ઝેકશનના ફોટા મોકલી સામેવાળા દ્વારા ભુલથી પૈસા ટ્રાન્સફર થઇ ગયા છે તેમ કહી વિશ્વાસ કેળવ્યો હતો. તેમજ ટેલીગ્રામ પર ટાસ્ક પુરા કરવા બાબતે, ફેસબુક અને સોશ્યલ મીડીયા મારફતે શેરબજારની ટીપ્સના નામે, ફેસબુક પર લોન કરાવવાની જાહેરાત જોઇ સંપર્ક કરતા ફ્રોડ થયુ હતુ.

## રાજ્ય સરકાર હાથ ધરશે મોટાપાયે પોલીસ ભરતી : બે વર્ષમાં ૨૫૬૬૦ જગ્યાઓ ભરાશે

અમદાવાદ,તા.૧૫

રાજ્ય સરકારે રાજ્યભરમાં વિવિધ કેડરમાં પોલીસ કર્મચારીઓની ભરતી માટે વિગતવાર કેલેન્ડર રજૂ કર્યું હતું અને ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચે ભરતી પ્રક્રિયા કેલેન્ડર મુજબ હાથ ધરવા નિર્દેશ કરીને કેસની વધુ સુનાવણી ૧૧ એપ્રિલના રોજ મુલતવી રાખી હતી.

કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ વિભાગમાં ખાલી જગ્યાઓ ભરવાના સુપ્રીમ કોર્ટના નિર્દેશોના આધારે બેન્ચ સુઓમોટુ પીઆઇએલની સુનાવણી કરી રહી હતી. ગયા અઠવાડિયાની સુનાવણીમાં બેન્ચે રાજ્યને પોલીસ સ્ટાફની ભરતી માટે કેલેન્ડર રજૂ કરવાનો આદેશ આપ્યો હતો.




સરકારી વકીલે અધિક પોલીસ મહાનિર્દેશક - વહીવટ (એડીજીપી) ખુર્શીદ અહેમદ દ્વારા દાખલ કરાયેલ સોગંદનામું રજૂ કર્યું હતું જેમાં કહેવામાં આવ્યું હતું કે, અધિકારીઓ બે તબક્કામાં કુલ ૨૫૬૬૦ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરશે.પ્રથમ તબક્કામાં, સત્તાવાળાએ આ વર્ષે ઓક્ટોબર પહેલાં ભરવા માટે ૧૧૩૭૭ ની ભરતી શરૂ કરી છે. બીજા તબક્કામાં પોલીસ વિભાગમાં કુલ ૨૫,૬૬૦ ખાલી જગ્યાઓમાંથી ૧૪,૨૮૩ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધીમાં શરૂ થશે.

વધુમાં જણાવાયું હતું કે, ગયા વર્ષે ૧૨ માર્ચે બહાર પાડવામાં આવેલી જાહેરાત મુજબ, કુલ ૧૦,૭૩,૭૮૬ ઉમેદવારોએ વિવિધ જગ્યાઓ માટે અરજી કરી છે. ૭,૪૫,૧૪૦ ઉમેદવારોની શારીરિક કસોટી પૂર્ણ થઈ ગઈ છે અને બાકીના ઉમેદવારોની કસોટી આ વર્ષે માર્ચ સુધીમાં ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા પૂર્ણ કરવામાં આવશે. એવું પણ રજૂ કરવામાં આવ્યું હતું કે, ભરતીના પ્રથમ તબક્કા માટેની લેખિત પરીક્ષા મે ૨૦૨૫ સુધીમાં લેવામાં આવશે અને તે પછી, દસ્તાવેજ ચકાસણી સહિતની પ્રક્રિયા હાથ ધર્યા પછી ભરતી પ્રક્રિયાનો પ્રથમ તબક્કો જુલાઇ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે.

# રાજકોટના મેયરના મુદ્દાને સમાજ સાથે ન જોડવા મેયરની અપીલ : અંતે મામલો શાંત કરતા નયનાબેન

**ભાજપે જ તેમને શહેરના પ્રથમ નાગરિક બનાવ્યા છે : જયમીન ઠાકર નાના ભાઇ જેવા : વાહન કિ.મી.ના દર અંગે અધિકારીએ ભુલ કરી : સામાન્ય વાતને આગ ચાંપવાને બદલે વિકાસ કામો તરફ ધ્યાન આપવાની જરૂર : પક્ષની પ્રતિષ્ઠા પર વાત આવતા સૌ ઠંડા પડયા**

રાજકોટ, તા. ૧૫

રાજકોટના મેયર નયનાબેન પેઢડીયાના સત્તાવાર કારમાં પ્રયાગરાજના પ્રવાસનો મુદ્દો અને વિવાદ ભડકાની જેમ સળગાવવાનો પ્રયત્ન થયો છે ત્યારે ગઇકાલે મેયરે મહિલાની ગરીમા દુભાઇ હોવાની લાગણી દુઃખ સાથે વ્યકત કરી હતી. આ દરમ્યાન આ મામલે પાટીદાર સમાજને આગળ ઢસડવા પ્રયાસ થતા ભાજપના પદાધિકારી અને સંઘ સમર્પિત પરિવારના સદસ્ય તરીકે નયનાબેન આગળ આવ્યા છે.

તેમણે આ વિવાદ અને વાત હવે પૂર્ણ કરવાની તરફેણ કરીને આ મુદ્દાને સામાજીક ન બનાવવા જાહેર અપીલ કરી છે. તો ગાડીનું પ્રતિ કિ.મી. ભાડુ રૂા.બે હોવાની ચેરમેન કરેલી વાતમાં ઇન્ચાર્જ ચીફ ફાયર ઓફિસર અમિત દવેની ભુલ હોવાનું ખુદ તેમણે લેખિતમાં આપતા ચેરમેન અને પોતાની વચ્ચે કોઇ વિવાદ ન હોવાની પણ સ્પષ્ટતા કરી છે.



છેલ્લા ચાર દિવસથી મેયરે કરેલા કુંભ પ્રવાસનો મુદ્દો ઉછળ્યો છે. મેયરે સત્તાવાર કારમાં પ્રવાસ કરીને સરકારી સુવિધાનો દુરૂપયોગ કર્યાના મેસેજ એકાએક વાયરલ થતા હોબાળો થયો હતો. આ બાદ તે જ દિવસે બપોરે સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે પ્રતિ કિ.મી. માત્ર રૂા.બેના ભાડાથી પદાધિકારીઓ મંજૂરી લઇને આવા પ્રવાસ કરતા હોવાની વાત કરવા સાથે છેલ્લે સુધારેલુ આવેલુ ભાડુ લાગુ કરવા ઠરાવ કરવામાં આવશે તેવો ખુલાસો કર્યો હતો.

આ સમગ્ર વિવાદના કેન્દ્રમાં અંતે રૂા.બેનું ભાડુ આવી ગયું હતું. પરંતુ અધિકારીની ગેરસમજણના કારણે આ ઇસ્યુ લંબાઇ ગયાનું હવે દેખાયુ છે. દરમ્યાન આજે પાટીદાર સમાજના નેતા દિનેશ બાંભણીયાએ એક ટવીટ કરીને જણાવ્યું હતું કે રાજકોટના મેયરના ટ્રાવેલિંગના નામે હવે વધુ એક નેતાને વિવાદમાં લાવીને ખત્મ કરવાનો સીલસીલો યથાવત રહ્યો છે. તેનું કારણ માત્ર પાટીદારની દિકરી છે એ જ.. મારૂ કામ માત્ર ધ્યાન દોરવાનું.. જોવાનું સમાજે.. અને મતદારોએ..


આ રીતે આ વિવાદ સમાજ લેવલે લઇ જવા પ્રયાસ થતા મેયર નયનાબેન પેઢડીયાએ આજે આ વિવાદ જાતે ઠંડો પાડવા પ્રયાસ કર્યો છે. ગઇકાલે મેયરે દુઃખ સાથે કહ્યું હતું કે પ્રયાગરાજ ખાતે તેમની પાછળ માણસો દોડાવવામાં આવ્યા હતા. તેમના ફોટા પ્લાન મુજબ વાયરલ કરવામાં આવ્યા છે. મહિલા તરીકે પણ તેમની ગરિમા જળવાઇ નથી. કેટલાક લોકો આ ષડયંત્ર પાછળ હોવા વિશે તેઓ યોગ્ય સમયે પાર્ટી સમક્ષ સંપૂર્ણ ચર્ચા કરશે. આ બાદ આજે તેઓએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, આ પ્રશ્નમાં પાટીદાર સમાજ કક્ષાએ લઇ જવા જેવી કોઇ સ્થિતિ નથી. તેઓ રાષ્ટ્રીય સેવક સમિતિના સેવક અને સંઘ સમર્પિત પરિવારના સભ્ય છે. ભાજપે જ તેમને મેયર બનાવ્યા છે. સમાજના કોઇ મોભીને પણ આ વિવાદથી દુઃખ થયું હોય તેવું બન્યું હશે પરંતુ પોતાને આ અંગે કોઇ સત્તાવાર જાણ નથી. સમાજમાં તેમને ટાર્ગેટ બનાવવામાં આવ્યાની કોઇ વાત નથી.

સ્ટે.ચેરમેન જયમીન ઠાકર તેમના નાના ભાઇ છે અને હવે આ વિવાદ પુરો કરવા જેવો છે.

રાજકોટ અને સમગ્ર સમાજના વિકાસ માટેના અનેક કામો રહેલા છે. સૌએ આવી વાતો ભુલીને હવે તમામ લોકો અને રાજકોટના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ. લોકો પણ આવા વિવાદ સમયે ભુલી જતા હોય છે. એટલે આપણે પણ મુખ્ય કામ પર ધ્યાન વાળવું જોઇએ. આવા વિવાદોને આગ લગાડવાનું કામ પણ કોઇએ કરવું ન જોઇએ. સૌના કર્યા સૌ ભોગવશે. પાર્ટીના કોઇ પ્રશ્ન હોય તો પરિવારની જેમ તે બેસીને ઉકેલવામાં આવશે.

દરમ્યાન શહેર ભાજપથી માંડી પ્રદેશ ભાજપ સુધી આ મુદ્દો પહોંચ્યો હતો. આથી રાજકોટ ભાજપને આવા વિવાદ તાત્કાલીક પૂરા કરવા સીનીયર નેતાઓએ સૂચના પણ મોકલ્યાનું જાણવા મળ્યું હતું.

# સંસદમાં ઉદ્યોગ મંત્રીએ રામભાઈ મોકરીયાને આપ્યો જવાબ ખેડુતોને માર્ગદર્શન આપવા સરકારે ૬૦થી વધુ જાગૃતિ કાર્યક્રમ યોજાયા



રાજકોટ તા.૧૭: તાજેતરમાં દિલ્હી ખાતે પાર્લામેન્ટમાં સંસદસભ્ય રામભાઈ મોકરીયા દ્વારા ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગ વિભાગને નાના ખેડૂતો અને નાના સંગઠનો, ખાસ કરીને દૂરના અથવા તો અવિક્ષિત વિસ્તારોમાં ખેડૂતો અને સંગઠનોને સંકલિત શીતસાંકળ અને મૂલ્ય વર્ધન માળખાકીય યોજના વિશે શું લાભ મળે અને તે યોજના માટે લેવામાં આવી રહેલા પગલાં બાબતે જાણકારી મેળવી શકે અને શું મંત્રાલય વર્તમાન માળખાની બહાર સંકલિત શીત સાંકળ અને મૂલ્ય વર્ધન માળખા ગત યોજના નું વિસ્તાર કરવાની યોજના બનાવી રહ્યું છે ? જો એ પ્રમાણે હોય તો તેની વિગત આપવા વિનંતી છે.

ઉપરોક્ત બાબતે ખાણ પ્રક્રિયા ઉદ્યોગ રાજ્ય મંત્રી રવિનીતસિંહે જણાવ્યુ હતુ કે, સંકલિત શીત સાંકળ અને મૂલ્યવર્ધન માળખાગત યોજના હેઠળ, મંત્રાલયની વેબસાઇટ પર રચિના અભિવ્યક્તિ

ફ્લોટિંગ દ્વારા દૂરના અથવા અવિકસિત વિસ્તારો સહિત દેશભરમાં સમયાંતરે દરખાસ્તો મંગાવવામાં આવે છે. તેના વ્યાપક પ્રચાર માટે, તે પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરો અને અગ્રણી રાષ્ટ્રીય અને પ્રાદેશિક અખબારો દ્વારા પણ પ્રસારિત કરવામાં આવે છે. મંત્રાલય તેના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને સત્તાવાર વેબસાઇટ દ્વારા યોજનાની જાગૃતિને પણ પ્રોત્સાહન આપે છે. વધુમાં, યોજના વિશે વિગતવાર માહિતી, માર્ગદર્શિકા અને અપડેટ્સ

સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, જે સંબંધિત સંસાધનોની સરળ ઍક્સેસ પ્રદાન કરે છે. નાના ખેડૂતો તેમજ FPOS/FPCs/NGO/PSUનીઓ વગેરે જેવી સંસ્થાઓ સહિત વ્યક્તિઓ આ યોજના હેઠળ લાભમેળવવા માટે પાત્ર છે. MoFPIની પ્રમોશનલ એક્ટિવિટીઝ યોજના હેઠળ, મંત્રાલયે વર્ષ ૨૦૨૪ દરમિયાન દેશભરમાં સેમિનાર, વર્કશોપ, કોન્ફરન્સ, પ્રદર્શનો વગેરે જેવા ૬૦ કાર્યક્રમોનું આયોજન કરવા માટે વિવિધ પાત્ર સંસ્થાઓને નાણાકીય સહાય પૂરી પાડી છે. જેથી નાના ખેડૂતો અને ખેડૂત ઉત્પાદક સંગઠનો (ÓFO) સહિત હિસ્સેદારોમાં કોલ્ડ ચેઇન યોજના સહિત મંત્રાલયની વિવિધ યોજનાઓ અંગે જાગૃતિ આવે. ઉપરોક્ત યોજના માંગ આધારિત છે અને યોજના હેઠળ ભંડોળની ઉપલબ્ધતાના આધારે મંત્રાલય દ્વારા સમયાંતરે દેશભરમાંથી દરખાસ્તો

# ખાદ્યતેલોની ટેરીફ વેલ્યુ બદલતાં ઈફેકટીવ ડયુટીમાં ફેરફારોઃ એરંડાનો પાક ઓછો થશે

મુંબઈ મુંબઈ તેલિ-બિયાં બજારમાં આજે વિવિધ ખાદ્યતેલોના ભાવ બેતરફી વધઘટ વચ્ચે અથડાતા રહ્યા હતા. નવા વેપાર ધીમા હતા. વિશ્વબજારમાં મલેશિયા ખાતે પામતેલના ભાવ ઉંચકાતાં સતત ચાર સપ્તાહથી ત્યાં ભાવ ઉંચા જતા જોવા મળ્યા હતા. ઘરઆંગણે હઝીરા ખાતે સોયાતેલ રિફાઈન્ડના ભાવ ૨૩ ફેબ્રુઆરીના પાંચ માર્ચ સુધીના રૂ.૧૨૯૫ રહ્યા હતા. મધ્ય પ્રદેશમાં સોયાતેલ રિફાઈન્ડના ભાવ જાતવાર રૂ.૧૨૮૫થી ૧૩૦૦ સુધી રહ્યા હતા.

મુંદ્રા- હઝીરા ખાતે વિવિધ ડિલીવરીના ભાવ પામતેલના રૂ.૧૩૮૦થી ૧૩૯૦ તથા સનફલાવરના રૂ.૧૪૨૦ રહ્યા હતા. દરમિયાન, સૌરાષ્ટ્ર- ગોંડલ ખાતે સિંગતેલના ભાવ રૂ.૧૩૮૦થી ૧૪૦૦ તથા કોટન વોશ્ડના ભાવ વધી રૂ.૧૨૪૦થી ૧૨૪૫ તથા કોટન રિફાઈન્ડના ભાવ રૂ.૧૨૯૫થી ૧૩૦૦ રહ્યા હતા. મસ્ટર્ડ- સરસવની આવકો રાજસ્થાન ખાતે ૬૫ હજાર તથા ઓલ ઈન્ડિયા આવકો ૨ લાખ ૫૫ હજાર ગુણી આવી હતી. રાજસ્થાનમાં ભાવ રૂ.૨૫ વધી રૂ.૬૩૦૦થી ૬૩૨૫ રહ્યા હતા. સનફલાવર રિફાઈન્ડના ભાવ વધી ખપોલી ખાતે રૂ.૧૪૩૦ તથા માર્ચના રૂ.૧૪૪૦ રહ્યા હતા. વિશ્વબજારમાં અમેરિકાના કૃષી બજારોમાં ઓવરનાઈટ ટ્રેડમાં સોયાબીનના ભાવ ૬૦ પોઈન્ટ વધ્યા હતા જ્યારે સોયાતેલના ભાવ ૧૮ પોઈન્ટ નરમ હતા સામે સોયાખોળના ભાવ ૩૨ પોઈન્ટ ઉંચકાયા હતા.

દરમિયાન, દેશમાં આયાત થતા વિવિધ ખાદ્યતેલોની ઈમ્પોર્ટ ડયુટી ગણવા બેન્ચમાર્ક તરીકે વપરાતી ટેરીફ વેલ્યુમાં સરકારે ફેરફારો કરતાં ઈફેકટીવ ઈમ્પોર્ટ ડયુટીમાં બદલાવ આવ્યો છે. ક્રૂડ પામ ઓઈલ સીપીઓની આવી ટેરીફ વેલ્યુ ૧૧૦૯થી વધી ૧૧૧૧ ડોલર થઈ છે જયારે આરબીડી પામોલીનની ટેરીફ વેલ્યુ ૧૧૬૪થી ઘટી ૧૧૫૮ ડોલર કરાઈ છે. સામે સોયાતેલ ડિગમની ટેરીફ વેલ્યુ ૧૧૧૮થી ઘટી ૧૦૮૨ ડોલર થઈ છે.

# બોર્ડની પરીક્ષા પૂર્વે ૫૦૦ વિદ્યાર્થીઓની કરણસિંહજી બાલાજી સમક્ષ આરાધના

## ■ રાજકોટનાં કરણસિંહજી બાલાજી મંદિરે ધો.૧૦-૧૨ના દીકરા-દીકરીઓએ સરસ્વતી પૂજન-મહાપૂજા કરી



રાજકોટ, તા. ૧૭ઃ ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે ત્યારે રાજકોટના કરણસિંહજી બાલાજી મંદિર ખાતે ભૂપેન્દ્ર રોડ સ્વામિનારાયણ મંદિર દ્વારા બોર્ડના વિદ્યાર્થીઓ માટે સરસ્વતી પૂજન અને મહાપૂજા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા સફળતાપૂર્વક આપી શકે અને ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે તે માટે હનુમાનજી મહારાજને પ્રાર્થના કરી હતી. જેમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

ભુપેન્દ્ર રોડ સ્વામિનારાયણ મંદિરના રાધા રમણ સ્વામીએ જણાવ્યું હતું કે, ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા થોડા દિવસો બાદ શરૂ થઈ રહી છે ત્યારે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષામાં વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે સરસ્વતી વંદના અને હવન તેમજ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. બાલાજી ભગવાન સમક્ષ જે કોઈપણ ભક્તો આવે છે તેમની મનોકામના ભગવાન પૂર્ણ કરતા હોય છે ત્યારે ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં સફળ થાય તે માટે કોઠારી સ્વામી વિવેક સાગર સ્વામી દ્વારા સરસ્વતી પૂજન અને મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે બોર્ડની પરીક્ષા આપનારા દીકરાઓ અને દીકરીઓ દ્વારા સરસ્વતી પૂજન અને મહાપૂજા પૂરા ભાવ સાથે કરવામાં આવી હતી. આજના સાંપ્રત સમયમાં જીવતા જાગતા હોય એવું હોય તો તે હનુમાનજી મહારાજ છે ત્યારે તેમને પ્રાર્થના કરીએ કે, તમારા દ્વારા જે ભક્તો આવે તેમના જીવનમાં જે કંઈપણ કષ્ટો આવે તેને દૂર કરજો. વિદ્યાર્થીઓને પરીક્ષાનો ડર હોય તો તે હનુમાનજી મહારાજ દૂર કરે.

ધોરણ-૧૦ની વિદ્યાર્થિની ક્રિશીએ જણાવ્યું હતું કે, માસૂમ સ્કૂલમાં અભ્યાસ કરું છું. ધોરણ-૧૦ની પરીક્ષા આપવાની છું. બોર્ડની પરીક્ષા હોવાથી થોડો ડરતો છે પરંતુ, મહેનત સારી છે. જ્યારે યાજ્ઞિક સાણીએ જણાવ્યું હતું કે, ડેલ્ટા સ્કૂલમાં અભ્યાસ કરું છું અને ધોરણ-૧૨ કોમર્સની પરીક્ષા હું આપવાનો છું. સરસ્વતી પૂજન અને મહાપૂજાથી ખુબ જ સારું બળ મળ્યું છે. મારું સ્વપન ચાર્ટડ એકાઉન્ટન્ટ બનવાનું છે.

# રૂા.૫,૦૦,૦૦૦/-ના ચેક રીર્ટન કેસમા યુ.કે. નીવાસી નીશા ડુસારાને ત્રીજા કેસમાં ૧૨ માસની સજા ફટકારતી અદાલત



રાજકોટ, તા. ૧૭ઃ રાજકોટમા આલાબાઈ ના ભઠા પાસે શકિત નગરના ખુણે નિવાસ સ્થાન ધરાવતી અને યુ.કે. મુકામે રહેતી નીશાબેન કેતનભાઈ ડુસારાએ રાજકોટ ના મીત્ર મયુરકુમાર વૃંદાવનભાઈ કારીયા પાસેથી સબંધના દાવે લીધેલ રકમ પરત કરવા ઈશ્યુ કરી આપેલ ચેક રીર્ટન થતા કેસ ચાલી જતા હાલ મુંબઈ મુકામે જેલમા રહેલ આરોપી નીશાબેન ડુસારાને એક વર્ષની સજા ઉપરાંત ચેકની રકમની સવા ગણી રકમ રૂા.૬,૨૫,૦૦૦/-ફરીયાદીને બે માસમા વળતર ચુકવવામા નીષ્ફળ રહે તો વધુ ત્રણ માસની સજા ફરમાવતો હુકમ રાજકોટ ના મહે. એડી. ચીફ. જયુડી. મેજી. સાહેબે ફરમાવતા આરોપીને આ ત્રીજા ચેક રીટર્નના કેસમાં ત્રીજી વખત સજા ફરમાવતો હુકમ ફરમાવવામાં આવેલ છે. વિશ્વાસઘાત અને ફોર્જરી કરેલ નો ગુનો દાખલ થતા આરોપી યુ.કે. થી ઈન્ડીયામા પ્રવેશ કરતા ધરપકડ થઈ જતા મુંબઈ મુકામે જેલમા હોય ત્યાથી હાલના કામે હાજર રખાવવામા આવેલ તેથી આરોપીની આવા પ્રકાર ના ગુના કરવાની ટેવ હોય આરોપી હેબીચ્યુઅલ હોય અગાઉ બે ચેક રીટર્ન કેસોમાં પણ આરોપીને સજા થઈ ચુકેલ છે અને હાલનો આ ત્રીજો કેસ છે વિગેરે મુદાઓ સબંધે લંબાણ પુર્વકની દલીલો કરવામાં આવેલ.

રેકર્ડ પરના રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને સમગ્રપણે ધ્યાને લેતા ફરીયાદપક્ષની હકીકતોને સોગંદ પરના પુરાવાથી દસ્તાવેજી પુરાવાને સંપૂર્ણપણે સમર્થન મળે છે, આરોપીએ ફરીયાદીનુ કાયદેસરનુ લેણુ પરત કરવા ચેક ઈશ્યુ કરી આપેલ ની હકીકત ને સમર્થન મળે છે ફરીયાદ પક્ષે રજુ કરેલ દસ્તાવેજો સબંધે કોઈ તકરાર લેવામા આવેલ નથી ફરીયાદવાળો ચેક આરોપીએ કાયદેસરના દેવાની ચુકવણી પેટે આપેલ હતો તેવી હકીકત રેકર્ડ ઉપરના પુરાવાથી પુરવાર થયેલ છે તેમજ ચેક રીટર્ન થયા બાદ નોટીસ આપ્યા બાદ કે કેસ દાખલ થયા બાદ પણ વિવાદી ચેકની રકમ ફરીયાદીને ચુકવેલ હોવાનું પુરવાર થતુ નથી ફરીયાદીએ એન.આઈ. એકટના તમામ આવશ્યક તત્વો પુરવાર કરેલ છે, તેમજ ચેક આપેલ નહી હોવાનું કે ચેકમાં પોતાની સહી નહી હોવાનો આરોપીનો બચાવ નથી, ફરીયાદપક્ષના પુરાવાનું ખંડન કરતો ખંડનાત્મક પુરાવો આરોપી રેકર્ડ પર લાવવામાં સફળ થયેલ નથી ત્યારે ફરીયાદીનો કેસ પુરવાર માની આરોપીને એક વર્ષની સજા ઉપરાંત ચેકની રકમની સવા ગણી રકમ રૂા.૬,૨૫,૦૦૦/- બે માસમા ફરીયાદીને ચુકવવામા કસુર થયે વધુ ત્રણ માસની સજા ફરમાવતો સમાચીન્હરૂપ ચુકાદો ફરમાવવામાં આવેલ.

ઉપરોક્ત કામમાં ફરીયાદી મયુરકુમાર કારિયા વતી રાજકોટ ના એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કુણાલ શાહી, ચેતન ચોવટીયા, પાર્થ સંઘાણી, જસ્મીન દુધાગરા, જય પીઠવા, તથા મદદમા યુવરાજ વેકરીયા, નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, જયમલ મકવાણા રોકાયેલ હતા.

# કોડીનાર પાલિકામાં ૬૧% અને તાલાલા-ઉના તા.પં.ની પાંચ બેઠકો ઉપર સરેરાશ ૫૦% જેવું મતદાન થયુ

■ **તંત્રએ જીલ્લામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પુર્ણ કરાવ્યુ**





અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૧૭ઃ ગીર સોમનાથ જીલ્લામાં એક પાલીકાની ૩૨ બેઠકો અને બે તા.પં. ની પાંચ બેઠકોની પેટાચૂંટણીની મતદાન શાંતિપૂર્ણ માહોલમાં પુર્ણ થયુ છે. ત્યારે કોડીનાર નગરપાલિકાના મતદાનમાં ૬૧.૩૬ % જેવું ધીંગુ મતદાન થયુ છે. જયારે તાલાલા તા.પં. ની બે બેઠક ઉપર ૪૭ % અને ઉના તા.પં. ની ત્રણ બેઠકો ઉપર ૫૨ % જેવું મતદાન થયુ છે.

આજે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના યોજાયેલા મતદાનમાં ગીર સોમનાથ જીલ્લામાં કોડીનાર નગરપાલિકા અને તાલાલા-ઉના તાલુકા પંચાયતની પાંચ બેઠકો ઉપર મતદાન યોજાયેલ જેમાં લોકોએ ઉત્સાહભેર મતદાન કર્યુ છે. આજે થયેલા મતદાનના આંકડા અને ટકાવારી જોઈએ તો કોડીનાર પાલીકાના વોર્ડ નં.૧ માં ૨૪૧૭ મતદાન સાથે ૬૦.૨૪ %, વોર્ડ નં.૨ માં ૨૨૬૦ મતદાન ૫૪.૧૬ %, વોર્ડ નં.૩ માં ૩૦૭૧ ૬૨.૨૯ %, વોર્ડ નં.૪ માં ૨૪૪૬ મતદાન ૬૧.૪૦ %, વોર્ડ નં.૫માં ૩૦૫૨ મતદાન ૫૬.૯૮ %, વોર્ડ નં.૬ માં ૩૧૨૩ મતદાન ૬૭.૯૮ %, વોર્ડ નં.૭ માં ૨૮૮૨ મતદાન ૬૬.૭૧ % થયું છે. આમ પાલીકાના સાતેય વોર્ડમાં કુલ ૧૯,૩૫૧ મતદારોએ મતાધિકારનો ઉપયોગ કરતા ૬૧.૩૬% મતદાન થયુ છે. જયારે તાલાલા તા.પં.ની બોરવાવ સીટ ઉપર ૪૭.૩૫%, ચિત્રાવડ સીટ ઉપર ૪૭.૮૨%, ઉના તા.પં.ની મોટા ડેરાસર સીટમાં ૫૦.૦૮%, ગાંગડા સીટ ૪૫.૪૫%, ચાંચકવડ સીટ ૫૭.૭૭ % મતદાન થયુ છે. આજનું મતદાનમાં કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બનતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

## ધોરાજીમાં પોલીસ અધિકારીએ નિભાવી માનવતાની જવાબદારી



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૧૭ઃ ધોરાજીમાં નગરપાલિકાની ચૂંટણી સંદર્ભે સ્થાનિક પોલીસના પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમ તેમજ પીએસઆઇ પ્રતીક ગોહિલએ મતદાન કરવા આવેલ વૃદ્ધ મહિલાને જાતે ઉચકીને મતદાન બુથ સુધી લઈ જવામાં આવ્યા પીએસઆઈ પ્રતીક ગોહિલ એ વૃદ્ધ મહિલાને મતદાન બુથ સુધી પહોંચાડીને પોલીસની સાથે માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું. તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર રવિ ગોધમ તેના સ્ટાફ દ્વારા પણ અનેક વિસ્તારોમાં સિનિયર સિટીઝન માટે મદદરૂપ બન્યા હતા.

## ટ્રેડ વોરને પરિણામે દેશનો સ્ટીલ ઉદ્યોગ જોખમમાં મુકાશે



મુંબઈ અમેરિકા દ્વારા સ્ટીલ તથા એલ્યુમિનિયમ પ્રોડક્ટસ પર વધારાના ૨૫ ટકા ટેરિફ લાગુ કરવાની કરાયેલી જાહેરાતથી દેશમાં સ્ટીલ ઉદ્યોગના ચાલી રહેલા ક્ષમતા વિસ્તરણ અથવા નવા પ્રોજેક્ટસ સામે પડકારો ઊભા થયા છે. એક અંદાજ પ્રમાણે ડિસેમ્બરના અંત સુધીમાં કુલ ૩૫૦ જેટલા પ્રોજેક્ટસ અમલીકરણ હેઠળ જે પાછળ રૂપિયા ૮.૬૦ ટ્રિલિયનનો મૂડી ખર્ચ અંદાજાયો છે.

સ્ટીલ તથા એલ્યુમિનિયમની આયાત પર અમેરિકામાં ૨૫ ટકા વધારાની ટેરિફ વસૂલવા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી છે ત્યારે આ જાહેરાતને પગલે ભારતમાં સસ્તા સ્ટીલનો પૂરવઠો ખાસ કરીને ચીન ખાતેથી સ્ટીલનું ડમ્પિંગ વધી જવાની સ્ટીલ ઉદ્યોગને ચિંતા સતાવી રહી છે.સ્ટીલની આયાતમાં વધારાથી ઘરઆંગણેના સ્ટીલ ઉદ્યોગોમાં માલભરાવો થવાની અને વિસ્તરણ કાર્યક્રમો ઘોંચમાં પડવાની શકયતા જોવાઈ રહી છે. દેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી માળખાકીય ક્ષેત્રના વિકાસને લઈને સ્ટીલની માગમાં નોંધપાત્ર વધારો થયો છે જેને પહોંચી વળવા સ્ટીલ ઉત્પાદકોએ ક્ષમતાના વિસ્તરણ માટે કાર્યક્રમો હાથ ધર્યા છે એમ સ્ટીલ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું.

એલ્યુમિનિયમની સરખામણી એ સ્ટીલ ઉત્પાદકો પર ઊંચા ટેરિફની વધુ અસર જોવા મળશે કારણ કે ભારતમાં અગાઉથી જ સ્ટીલની માગ કરતા પૂરવઠો વધુ જોવા મળી રહ્યો છે.

સ્ટીલના ભાવમાં કોઈપણ ઘટાડાથી સ્ટીલ ઉત્પાદકોના માર્જિન પર દબાણ આવશે પરંતુ સ્ટીલના વપરાશકારોને આ ઘટાડોનો લાભ થશે તેવી ગણતરી મૂકવામાં આવી રહી છે.

દેશમાં બાંધકામ, ઓટો, માળખાકીય, રેલવે પ્રોજેક્ટસ વગેરેમાં સ્ટીલનો મોટો વપરાશ થાય છે.


તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

# ધોરાજી નગરપાલિકા દ્વારા ૨૧ કરોડના ખર્ચે નંખાયેલી પીવાના પાણીની પાઈપલાઈન ૧૨ વર્ષે પણ શરૂ થઈ નથી !

## નવી પાઈપલાઈનમાંથી પાણી જોતું હોય તો આજથી દસ વર્ષ પહેલાં ૫૦૦ રૂપિયાનું ટોકન ઉઘરાવેલું હતું પરંતુ એ પૈસા લીધા પછી પણ નગરપાલિકાએ નવી પાઈપલાઈન માંથી પાણી આપ્યું નથી કોની જવાબદારી...?

- **વહીવટદારના શાસનમાં પ્રાદેશિક નગરપાલિકા નિયામક ધોરાજી દોડી આવ્યા હતા અને તાત્કાલિક એક કાતરા પાણી આપવાની સૂચના આપેલી છતાં પણ આજે ધોરાજીની જનતાને ચાર દિવસે પણ પાણી મળતું નથી**

ધોરાજી, તા. ૧૭ઃ ધોરાજી નગરપાલિકા દ્વારા આજથી બાર વર્ષ પહેલા અંદાજે ૨૧ કરોડના ખર્ચે પીવાના પાણીની પાઈપલાઈન નાખવામાં આવી હતી પરંતુ આજે ૧૨ વર્ષ વીતી ગયા છતાં પણ એ પાઈપલાઈન શરૂ થઈ નથી.....?

સમગ્ર સૌરાષ્ટ્રને ગુજરાતમાં ધોરાજી એટલે ઘરની ધોરાજી ની છાપ ધરાવી રહી છે પરંતુ રાજકીય પાર્ટી પણ ધોરાજીની જનતાને એક કાતરા પાણી આપવા નું વચન આપીને પ્રજાને ઉલ્લુ બનાવીને ઘરની ધોરાજી ચલાવી રહી છે

ધોરાજી નગરપાલિકામાં પીવાના પાણીના પ્રશ્ન છેલ્લા ૧૨ વર્ષથી પ્રજા પરેશાન થઈ રહી છે

પીવાના પાણીના પ્રશ્ન મહિલાઓ દ્વારા અનેક વિરોધ કાર્યક્રમ તેમજ રણચંડી પણ બની છે અને પોલીસ ફરિયાદ સુધી મામલો પહોંચ્યો છે છતાં પણ આજે કરોડો રૂપિયાના ખર્ચે પાઈપલાઈન નખાઈ ગઈ છતાં પણ ધોરાજીની પ્રજાને પીવાનો શુદ્ધ પાણી અને સમયસર પાણી મળતું નથી તેવા અનેક સવાલો ઊભા થઈ રહ્યા છે. આજથી બાર વર્ષ પહેલા નગરપાલિકા માં રાજકીય શાસન ચાલતું હતું ત્યારે ધોરાજીની જનતાને શુદ્ધ પીવાનું પાણી મળે અને એ પણ એક કાતરા પાણી મળે તે માટે અંદાજે ૨૧ કરોડના ખર્ચે નવી પીવાની પાઈપલાઈન નાખવામાં આવી હતી.

પરંતુ જ્યારથી પીવાની નવી પાઈપલાઈન નાખવામાં આવી છે ત્યારથી આજે અંદાજે ૧૨ વર્ષ જેવો સમય થયો છે છતાં પણ ધોરાજીની જનતાને એ નવી પાઈપલાઈન માંથી શુદ્ધ પીવાનું પાણી અને એક કાતરા પાણી મળતું નથી....?



આ બાબતે જોઈએ તો ધોરાજી નગરપાલિકામાં વિકાસ કામની વાતો કરતી અનેક રાજકીય પાર્ટીઓ ના ખેલ પણ પ્રજા જોઈ રહી છે કારણ કે આજથી બાર વર્ષ પહેલા કરોડો રૂપિયાના ખર્ચે નવી પીવાના પાણીની પાઈપલાઈન રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી નાખવામાં આવી હતી પરંતુ કોન્ટ્રાક્ટરની મેલી મુરાદ અને નબળા કામગીરીની બાબતમાં આજે પણ ૧૨ વર્ષ પછી પણ એ પાઈપલાઈન શરૂ થઈ નથી તે ઘણી દુખદ બાબત કહેવાય.

બાદ નવી પાઈપલાઈન નખાઈ ગયા પછી ધોરાજી નગરપાલિકાએ પોતીયા કનેક્શન કાપવાનો ઠરાવ કર્યો અને નવી પાઈપલાઈન માંથી જે લોકોને કનેક્શન જોઈતું હોય તેઓએ રૂપિયા ૫૦૦ ભરીને પીળા કલરનો ટોકન મેળવી લેવું તે પ્રકારનો ધોરાજીની જનતાને માઈક દ્વારા જાહેરાત કરીને લોકો પાસે ફરજિયાત ૫૦૦ રૂપિયા ઉઘરાવ્યા હતા

છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષથી ધોરાજી નગરપાલિકાના કુલ ૯ વોર્ડમાંથી મહિલાઓ પીવાના પાણીના પ્રશ્ન દર ઉનાળે આંદોલન કરી રહી છે અનેક વખત રણચંડી બની છે અનેક વખત ધોરાજીના રસ્તાઓ ચકા જામ કર્યા છે અનેક વખત ધોરાજી નગરપાલિકાની કચેરી ઉપર પથ્થરમારો કર્યો છે અને મહિલાઓ ઉપર પોલીસ ફરિયાદ પણ થઈ છે છતાં પણ તંત્રની આંખ આજે પણ ઉગાડતી નથી.

ધોરાજીમાં વિકટ પાણીના પ્રશ્ન ગયા વર્ષે પ્રાદેશિક નગરપાલિકા કમિશનર ધીમંત વ્યાસ ધોરાજી દોડી આવ્યા હતા અને ધોરાજી શહેરના આગેવાનો તેમજ પાણીની વ્યથા ભોગવી રહેલા લોકો સાથે વાત સાંભળી હતી તેમજ નગરપાલિકાના હોદ્દેદાર અને વહીવટદાર શ્રી સાથે પણ બેઠક યોજીને ધોરાજીની જનતાને નિયમિત એક કાતરા પાણી આપવાનું વચન આપ્યું હતું

આ સમયે ધોરાજી નગરપાલિકા દ્વારા આજથી દસ વર્ષ પહેલા કરોડો રૂપિયાના ખર્ચે નવી પીવાની પાઈપલાઈન નાખવામાં આવી હતી તે શા માટે શરૂ કરવામાં નથી આવી તે બાબતનો લોકોએ પ્રશ્ન ઉઠાવતા તેમજ આગેવાનોએ આ બાબતનો પ્રશ્ન ઉઠાવતા નગરપાલિકા પાસેથી પ્રાદેશિક નગરપાલિકા કમિશનરશ્રી ધીમંત વ્યાસ એ ધોરાજી નગરપાલિકાના વહીવટદાર તેમજ ચીફ ઓફિસર તેમજ કર્મચારીઓ સાથે બેઠક યોજાઈ અને કરોડો રૂપિયાના ખર્ચે નાખવામાં આવેલ પીવાના પાણીની પાઈપલાઈન બાબતે અહેવાલ માંગયો હતો પરંતુ કર્મચારીઓએ એવું જણાવેલ કે માત્ર એક જ વોડમાં નવી પાઈપલાઈન શરૂ થઈ છે બાકીના તમામ વોડમાં નવી પાઈપલાઈન શરૂ થઈ નથી કારણ કે પાણીનું પ્રેશર આવે તો પ્લાસ્ટિકના પાઈપ જે નવી પાઈપલાઈન કરોડો રૂપિયાના ખર્ચે નાખવામાં આવી છે તે ફાટી જાય છે અને ચાલતું નથી તે બાબતને ફરિયાદ કરતા તાત્કાલિક અસરથી પ્રાદેશિક નગરપાલિકા કમિશનર ધીમત વ્યાસ એ જવાબદાર કોન્ટ્રાક્ટરો સામે કાર્યવાહી કરવા તેમજ તેમની ડિપોઝિટ જપ્ત કરવા વિગેરે આદેશો જે તે સમયે કર્યા હતા.

હાલમાં ધોરાજી નગરપાલિકાને ચૂંટણી ચાલી રહી છે ત્યારે રાજકીય આગેવાનો પ્રજાને ફરી પ્રલોભન આપી રહ્યા છે કે અમારી સુધરાઈ આવશે તો અમો ધોરાજીની જનતાને દર એક કાતરા પાણી આપીશું પરંતુ છેલ્લા ૧૨ વર્ષથી આ પ્રકારના વચનો ધોરાજીની જનતા સાંભળી રહી છે તેમજ બે વર્ષ સુધી ધોરાજી નગરપાલિકામાં વહીવટદાર નું શાસન પણ ચાલતું હતું છતાં પણ ધોરાજીની જનતાને પીવાના પાણીના પ્રશ્ન યોગ્ય ન્યાય મળ્યો નથી માત્ર ખોટા વચનો મળ્યા છે. આ બાબતે ધોરાજીના નગરજનો કહી રહ્યા છે કે જેમને કરોડો રૂપિયાની પાઈપલાઈન નાખી છે અને સરકારના એ પૈસા છે એ પૈસા પ્રજાના હોય છે અને રાજ્ય સરકાર તેમજ પાણી પુરવઠા બોર્ડ શા માટે એક્શન લેતી નથી તે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે.

# વેરાવળ બાયપાસમાં કાર પલટી મારી જતા દારૂની હેરાફેરીનો પર્દાફાશ થયો, ૨.૫૨ લાખના દારૂના જથ્થા સાથે એક બુટલેગર ઝડપાયો

## ■ વેરાવળના કુખ્યાત બુટલેગરએ મંગાવેલ અને જુનાગઢના બુટલેગરે મોકલેલ હોવાનું સામે આવ્યુ

વેરાવળ, તા. ૧૭ઃ વેરાવળ બાયપાસ ઉપર એક કાર પલટી મારી ગઈ હોવા અંગે સ્થળ પર પહોંચેલ પોલીસને અકસ્માતગ્રસ્ત કારમાંથી વિદેશી દારૂનો રૂ.૨.૫૦ લાખનો જથ્થા સાથે એક બુટલેગરને ઝડપી લેવામાં આવ્યો હતો. આ દારૂનો જથ્થો વેરાવળના કુખ્યાત બુટલેગર રેમ્બોએ મંગાવ્યો હોવાનું અને જુનાગઢના બુટલેગરએ મોકલેલ હોવાનું સામે આવ્યુ છે. આ કેસમાં પોલીસે સંગઠીત થઈને વારંવાર ગુનાહિત પ્રવૃત્તિ કરવા બદલ નવા બીએનએસના કાયદાની જોગવાઈ મુજબ ચાર બુટલેગરો સામે ગંભીર પ્રકારની કલમ હેઠળ ગુનો નોંધી ફરાર ત્રણેય બુટલેગરોને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે. આ નવી કાયદાની કલમ મુજબ જીલ્લામાં પ્રથમ ગુનો નોંધાયો હોવાનું જાણવા મળેલ છે.

આ અંગે પોલીસમાંથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈકાલે વ્હેલી સવારે વેરાવળ બાયપાસ ઉપર એક કાર પલટી મારી ગઈ હોવાની માહિતીને લઈ ડીસ્ટાફના કુલદીપસિંહ, કૃષ્ણકુમારસિંહ, હિરેન રામસીંગ સહિતનો સ્ટાફ સ્થળ પર પહોંચીને તપાસ હાથ ધરતા અકસ્માતગ્રસ્ત કારમાંથી મોટો માત્રામાં વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેની ગણતરીના અંતે વિદેશી દારૂની ૧૪૮૮ બોટલો કિં.રૂ.૨,૫૨,૯૬૦ નો જથ્થા સાથે કાર, મોબાઈલ મળી કુલ રૂ.૩.૫૭ લાખનો મુદામાલ જપ્ત કર્યો હતો. જ્યારે કાર ચાલક રાજેશ ઉમેશ ગૌસ્વામીની ધરપકડ કરી પૂછપરછ હાથ ધરી હતી. જેમાં દારૂનો જથ્થો વેરાવળના કુખ્યાત બુટલેગર રોહીત ઉર્ફે રેમ્બો રમેશ બારીયાએ મંગાવેલ હોવાનું અને જુનાગઢના બુટલેગર રાજન સવદાસ કરગઠીયાએ મોકલેલ હોવાનું તથા કાર વેરાવળના સંદીપ ભીખુ વાજાની માલિકીનું હોવાનું જણાવ્યુ હતુ. આ અંગે ચારેય બુટલેગરો સામે બીએનએસની કલમ કલમ ૧૧૧ (૩) તથા પ્રોહીની કલમો હેઠળ ગુનો નોંધી ફરાર ત્રણેય બુટલેગરોની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.




### ગંભીર કલમ હેઠળ જીલ્લામાં પ્રથમ ગુનો નોંધાયો

આ ગુનાના આરોપીઓ સંગઠીત થઈને લાંબા સમયથી ગેરકાયદેસર પ્રવૃત્તિને અંજામ આપી રહ્યા હોવાની વિગતો સામે આવી છે. જેમાં પ્રોહિબિશન અને મારામારીના વેરાવળના કુખ્યાત બુટલેગર રોહિત ઉર્ફે રેમ્બો સામે સાત ગુનાઓ તથા જુનાગઢના રાજન કરગઠીયા વિરૂધ્ધ ત્રણ ગુનાઓ નોંધાયેલા છે. જેથી આ આરોપીઓ સંગઠીત થઈને ગુનાઓને અંજામ આપતા હોવાથી નવા કાયદા બીએનએસની કલમ ૧૧૧(૩) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ ગંભીર સજાની જોગવાઈ વાળી કલમ હેઠળ ગીર સોમનાથ જીલ્લામાં પ્રથમ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું પીઆઈ એમ.વી.પટેલએ જણાવ્યુ છે.

# દેશમાં ૧૦ વર્ષમાં રજિસ્ટર્ડ સ્ટાર્ટઅપ્સની સંખ્યા વધીને ૧૦ લાખ થવાની આશા



નવી દિલ્હીઃ દેશમાં ઉભરી રહેલા ઉદ્યોગ સાહસિકોના ગ્રોથને પ્રોત્સાહિત કરવા માટે લેવામાં આવતા પગલાંને કારણે આગામી ૧૦ વર્ષમાં સરકાર દ્વારા નોંધાયેલા સ્ટાર્ટઅપ્સ વધીને ૧૦ લાખ પર પહોંચશે તેવો આશાવાદ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે વ્યક્ત કર્યો હતો. અત્યારે, દેશમાં કુલ ૧.૫૭ લાખ સ્ટાર્ટઅપ્સ રજિસ્ટર્ડ છે, જેની સંખ્યા ૨૦૧૬માં ૪૫૦ હતી. ઈનોવેશનને વેગ આપવા તેમજ સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરવા માટે દેશમાં મજબૂત ઈકોસિસ્ટમનું નિર્માણ કરવા માટે સરકારે ૧૬ જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલની શરૂઆત કરી હતી. સરકારની પાત્રતા શરતો પ્રમાણે, કંપનીઓને સ્ટાર્ટઅપ ઈન્ડિયા પહેલ હેઠળ સ્ટાર્ટઅપ્સ તરીકે માન્યતા આપવામાં આવે છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા એક્શન પ્લાન હેઠળ આ યુનિટ્સને ટેક્સ તેમજ નોન-ટેક્સ ઈન્સેન્ટિવ્સ મળે છે. આ પહેલ હેઠળ, સરકારે ફંડ ઑફ ફંડ્સ ફોર સ્ટાર્ટઅપ્સ, સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ સ્કીમ અને ક્રેડિટ ગેરેંટી સ્કીમ હેઠળ અનેકવિધ સેક્ટર્સના માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપ્સને તેમના બિઝનેસ દરમિયાન આર્થિક સહાયતા પૂરી પાડવામાં આવી છે.

# કાંકરેજ તાલુકાના કંબોઈ ગામના હરગોવન જે મકવાણા 'હરીશ' પી.એચડી થયા

ગોધરા તાઃ ૧૬ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ગોધરા ખાતે મનોવિજ્ઞાન વિષયમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના કંબોઈ ગામના શ્રી હરગોવન જે મકવાણા 'હરીશ' પી.એચડી થયા.

પ્રાપ્ત માહિતી મુજબ હાલ ચાંદખેડા અમદાવાદ ખાતે રહેતા અને મૂળ ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના કંબોઈ ગામના શ્રી હરગોવન જે મકવાણાએ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી વિંઝોલ, ગોધરા ખાતે મનોવિજ્ઞાન વિષયમાં પી એચ ડી ની ડિગ્રી મેળવીને ગૌરવ વધાર્યું છે. આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુરના ગાઈડ ડો હિતેશકુમાર આર વાઢિયાના માર્ગદર્શન હેઠળ

''ગુજરાતમાં સામાન્ય, લઘુમતી અને પછાત સમુદાયો વચ્ચે મનોવૈજ્ઞાનિક સુખાકારી, આક્રમકતા અને જીવન સંતોષ અંગેનો તુલનાત્મક અભ્યાસ'' વિષય હેઠળ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીએ મહાનિબંધ માન્ય રાખીને પી. એચડીની પદવી એનાયત કરી છે. પદવી




મળતાં જ સમાજ, કોલેજ અને સાહિત્ય આલમમાંથી અનેકો અભિનંદનની વર્ષા થઈ રહી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. તેઓ હાલ વિવિધ વિનયન કોલેજોમાં વિઝિટિંગ ફેકલ્ટીમાં લેક્ચર તેમજ મનોવિજ્ઞાનીક સલાહકાર તરીકે સેવારત છે.

ૐકારા

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**જે છો એ સર્વશ્રેષ્ઠ છો, વિશેષ બનવા ની ચાહમાં કાંઈ શેષ નહીં વધે...**
**સર્વસામાન્ય બની કર્મો પ્રત્યે સજાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

SINCE 2003

Ravi ENGLISH INSTITUTE

Where Growth is A Way of Life

RAVI ENGLISH INSTITUTE ®

A/C Class

ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.

SPOKEN ENGLISH

૧૦૦% રીઝલ્ટ ઓરીએન્ટેડ ગેરેન્ટી

અંગ્રેજી આટલું સરળ?

એક વખત અચૂક મુલાકાત લો...

Rasik Mehta

+919879329391

Learn English Language With Money Back Guarantee..

FREE TRIAL 3 DAYS

અમારી વિશિષ્ટતાઓ

- બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
- ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
- ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
- પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
- ૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.

નવી બેચિઝ ટૂંક સમયમાં શરૂ.



SCAN TO ENJOY VIDEO

FOLLOW US: Ravi English Institute

art house

હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391

બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 9824581306


Mo: 9974378783 / 9998500131

# HII.. Creation

## ચણિયાચોળી તેમજ શૂટ-શેરવાની ભાડેથી મળશે

૨-૧૩, ગુંદાવાડી, રાજકોટ Hii.Creation.11







SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
Daily Morning Newspaper







ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
**વોટ્સએપ** પર
**Hi લખીને મોકલો**
**98983 17826**
અને જોડાઇ જાવ અમારી સાથે...

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

# તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062